RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 252* Date: 09.07.2020 * Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### કુલ કેસો વધીને ૭.૪૩ લાખ, અત્યાર સુધી ૨૦,૬૫૩ લોકોના મોત

# કોરોના અનરાધાર: ૨૪ કલાકમાં ૨૩ હજાર કેસ, ૪૮૨ના મોત

## કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા થયો, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૯૨૫૦ લોકોના મોત, મહારાષ્ટ્રમાં હોટલ અને લોજ માટે અનલોકનો અમલ

*ન્યુ દિલ્હી,તા.૮*

કોરોના વાઈરસ હવાથી પણ ફેલાય છે એવા ૨૦૦ કરતાં વધારે વિજ્ઞાનીઓના દાવાને વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યુએચઓ)ના સમર્થનના પગલે આ રોગના સક્રમણ સામે વધુ અસરકારક રણનીતિના વૈશ્વિક મંથન વચ્ચે ભારતમાં કોરોનાના કેસો અનરાધાર વરસાદની જેમ વધી રહ્યાં હોય તેમ સતત પાંચમા દિવસે ૨૦ હજાર કરતાં વધારે અને છેલ્લાં ૨૪ કલાકમાં ૨૩,૧૩૫ જેટલા કેસો નોંધાયા હતા. આ સાથે વધુ ૪૮૨ લોકોના મોત થયા હતા. અનલોક-૨માં અપાયેલી વધુ છૂટછાટને કારણે કેસો વધ્યા હોવાના અનુમાન વચ્ચે જ્યાં સૌથી વધારે કેસો નોંધાયા તે મહારાષ્ટ્ર મુંબઈમાં આજે ૮ જુલાઈથી લોકડાઉનના નિયમોના પાલન સાથે હોટલ અને લોજ ખૂલ્લા મૂકાયા હતા.. જો કે રેસ્ટોરન્ટ બંધ રહેશે. જો કે એક સારી બાબત સમાન હવે કોરોનાથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ દિવસેને દિવસે વધી રહી છે. આ સાથે જ ભારત દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે જણાવ્યું કે, હરિયાણાના ફરીદાબાદમાં પહેલી પ્લાઝ્મા બેન્ક શરૂ કરાશે.

આજે બુધવારે સવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકના આંકડા



જાહેર કરવાની પરંપરા અનુસાર આજે સવારે જાહેર કરાયેલા આંકડા જોતાં દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા હવે વધીને ૭ લાખ ૪૩ હજાર ૪૮૧ થઈ ગઈ છે. આ સાથે જ મહારાષ્ટ્રમાં બુધવારે લોજ અને હોટલ ખોલવાની મંજૂરી આપવામાં આવી હતી. સરકારે ૩૩% સ્ટાફ સાથે ખોલવાની મંજૂરી આપી દીધી છે. સાથે જ ગાઈડલાઈન્સ પણ નક્કી કરાઈ છે. જો કે, હાલ રેસ્ટોરન્ટ પર પ્રતિબંધ ચાલું રહેશે.

આંકડાકિય માહિતી જોઈએ તો કુલ કેસ વધીને ૭,૪૩,૪૮૧ થયા છે. સારવાર હેઠળના સક્રિય કેસ વધીને ૨ ૨,૬૫,૬૭૦ અને સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૪,૫૭,૦૫૮ થઈ છે જ્યારે મૃત્યુઆંક વધીને ૨૦,૬૫૩ પર પહોંચ્યો છે. મહારાષ્ટ્રમાં કેસ વધીને ૨,૧૭,૧૨૧,તામિલનાડુમાં કેસો વધીને ૧,૧૮,૫૯૪, દિલ્હીમાં ૧,૦૨,૮૩૧ અને ગુજરાતમાં ૩૭,૬૩૬ કેસો થયા છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૮૦ ટકા સુધી પહોંચી ગયો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૮૮૩ લોકો સ્વસ્થ્ય થયા છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના કુલ ૨૧૭૧૨૧ કેસ નોંધાયા છે જ્યારે ૯૨૫૦ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. મહારાષ્ટ્ર બાદ તમિલનાડૂમાં કોરોના વાયરસના સૌથી વધારે કેસ નોંધાયા છે. તમિલનાડૂમાં અત્યાર સુધીમાં કુલ ૧૧૮૫૯૪ કેસ નોંધાઈ ચૂક્યા છે જેમાંથી ૧૬૩૬ લોકો કાળનો કોળિયો બની ગયા છે. ત્યારબાદ દિલ્હીમાં ૧૦૨૮૩૧ કેસ નોંધાયા છે જ્યારે ૩૧૬૫ લોકોએ જીવ ગુમાવ્યા છે. ગુજરાતમાં ૩૭૬૩૮ લોકો સંક્રમણમાં આવ્યા છે ૧૯૭૯ લોકોના મોત થયા છે.

દરમ્યાન, વિશ્વ આરોગ્ય સંસ્થાએ માન્યું છે કે, કોરોના વાયરસ હવાથી ફેલાય છે, તે શક્યતાને નકારી શકાય તેમ નથી. સંગઠને મંગળવારે જણાવ્યું કે, આ દિશામાં પ્રાપ્ત થયેલા પુરાવાઓને ધ્યાનમાં લીધા છે જેના આધાર પર દાવા કરવામાં આવી રહ્યા છે કે કોરોના વાયરસ હવાથી ફેલાય છે.

તો આ તરફ કેન્દ્ર સરકારે સંક્રમિત દર્દીઓના સારવારમાં ઉપયોગમાં લેવાતી રેમડેસિવિર દવાના કાળા બજારની ફરિયાદને ગંભીરતાથી લીધી છે. સરકારે મંગળવારે રાજ્યોને કહ્યું કે, તે હોસ્પિટલમાં યોગ્ય ભાવે રેમડેસિવિર દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવે. આ સાથે જ ભારત દેશ દુનિયાભરમાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં રશિયાને પાછળ છોડીને ત્રીજા ક્રમાંક પર પહોંચી ગયો છે.

### સમગ્ર ફંડ નોવાવૈક્સ કંપનીને અપાશે

# અમેરિકા કોરોના વાયરસની વેક્સિન માટે ૧.૬ અબજ ડોલરનું ફંડ આપશે

## કૃત્રિમ રીતે કોરોના વાયરસનાં ભાગ 'સ્પાઈક પ્રોટીન'ને તૈયાર કર્યું,વેક્સિન ૨૦૨૧ સુધી ઉપલબ્ધ કરાવવામાં આવશે

વોશિંગ્ટન,તા.૮

કોરોના વાયરસ સામે ઝઝુમી રહેલી દુનિયા માટે સારા સમાચાર છે. અમેરિકાએ કોરોના વાયરસની વેક્સિન માટે ૧.૬ અબજ ડૉલરનું ફંડ આપવાની જાહેરાત કરી છે. આ પૈસા નોવાવૈક્સ કંપનીને આપવામાં આવશે. અમેરિકાએ પોતાના રૈપ સ્પીડ અભિયાન અંતર્ગત આ અત્યાર સુધી સૌથી વધારે પૈસા કોઈ કંપનીને વેક્સિન માટે આપવામાં આવ્યા છે. આ ઉપરાંત અમેરિકા રેગેનેરોન કંપનીને પણ ૪૫ કરોડ ડૉલરની સહાયતા આપી રહ્યું છે.

આ કંપની કોરોના વાયરસ સંક્રમણથી બચવા માટે નવી રીતો શોધવા પર કામ કરી રહી છે. કરારની શરતો પ્રમાણે નોવાવૈક્સ કંપની આ વર્ષનાં અંત સુધી અમેરિકાનાં સ્વાસ્થ્ય અને રક્ષા વિભાગને કોરોના વાયરસની વિક્સિનનાં ૧૦ કરોડ ડોઝ આપશે. કંપનીનાં સીઈઓ સ્ટેનલી ઈરૈકે કહ્યું કે, "અમે ઑપરેશન રૈપ સ્પીડનો ભાગ બનીને ઘણું ગર્વ અનુભવીએ છીએ. અમે જલદીથી જલદી દેશની જનતાની રક્ષા માટે વેક્સિન ઉપલબ્ધ કરાવીશું."

નોવાવૈક્સ કંપનીની વેક્સિનનાં બે ટ્રાયલ થઈ ચુક્યા છે અને અંતિમ ટ્રાયલ જલદી થવાનો છે. આ વેક્સિનનું નામ NVX-CoV2373 છે. કંપનીએ કીડાઓની કોશિકાઓનો ઉપયોગ કરીને કૃત્રિમ રીતે કોરોના વાયરસનાં ભાગ 'સ્પાઈક પ્રોટીન'ને તૈયાર કર્યું છે. આ પ્રોટીનની મદદથી કોરોના વાયરસ માણસની રોગ પ્રતિકારક ક્ષમતાને ઉત્તેજિત કરવા માટે કોશિકાઓમાં ઘુસણખોરી કરે છે. કંપનીએ કહ્યું કે, તેણે મોસમી ફ્લૂને ઠીક કરવા માટે આ પ્રકારનાં કેમિકલનો ઉપયોગ કરીને વેક્સિન તૈયાર કરી છે જે ઘણી કારગર છે.

અમેરિકાએ નોવાવૈક્સને ઑક્સફર્ડ યૂનિવર્સિટીથી પણ વધારે પૈસા આપ્યા છે. ઑક્સફર્ડ યૂનિવર્સિટીને ૧.૨ અબજ ડૉલર આપવામાં આવ્યા હતા. ઑપરેશન રૈપ સ્પીડ અંતર્ગત અમેરિકાને આશા છે કે વેક્સિન ૨૦૨૧ સુધી ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે વાયરસથી અત્યાર સુધી ૫,૪૬,૭૬૫ લોકોનાં મોત થયા છે.

### કોરોનાના મામલે આરોગ્ય સંસ્થા ચીન સાથે મળી ગઈ હોવાનો ટ્રમ્પનો મોટો આરોપ

# ટ્રમ્પનો હઠાગ્રહ: અમેરિકાની WHOમાંથી એક્ઝિટ



*વૉશિંગ્ટન,તા.૮*

અમેરિકાએ મંગળવારે વિશ્વ આરોગ્ય સંસ્થા(ડબ્લ્યુએચઓ)થી સત્તાવાર રીતે અલગ થવાનો નિર્ણય લઈ લીધો છે. તેનાથી આ સંસ્થાના કામગીરી પર અસર થવાની શક્યતા જોવામાં આવી રહી છે. અમેરિકન મીડિયાએ આ જાણકારી આપી હતી. એક રિપોર્ટ મુજબ, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે અમેરિકાને ડબલ્યુએચઓથી સત્તાવાર રીતે અલગ કરી લીધું છે. આ અગાઉ, ટ્રમ્પે એપ્રિલમાં ડબ્લ્યુએચઓની ફંડિંગ પર પણ રોક લગાવી દીધી હતી. નોંધનીય છે કે આ સંસ્થા ચલાવવા માટે સંસ્થાને વિશ્વભરમાંથી જે નાણાંકિય સહાય મળે છે તેમાં સૌથી વધીરે અમેરિકા આપે છે. અમેરિકા અલગ થતાં સંસ્થાને નાણાંકિય મુશ્કેલી પડી શકે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાઈરસના મામલે એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે આ સંસ્થા સંપૂર્ણ રીતે ચીનના નિયંત્રણમાં છે અને સમગ્ર દુનિયાથી કોરોનાની માહિતી છુપાવી હતી. આરોપના પગલે અમેરિકા આ સંસ્થાથી અલગ થાય છે. ટ્રમ્પે ડબલ્યુએચઓએ કોરોના વાયરસનાને લઈને યોગ્ય જાણકારી નહીં આપવાનો પણ આક્ષેપ કર્યો હતો.

આ પહેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે WHO પર કોરોનાવાઈરસ ફેલાવવા મામલે ચીનને બચાવવા અને રોગચાળાની સમયસર વિશ્વને જાણકારી નહીં આપવાનો આક્ષેપ કર્યો હતો. અમેરિકાએ ઉર્ઝ્ઞેને આપવામાં આવતું કરોડો ડોલરનું ફંડિંગ પણ એપ્રિલમાં રોકી દીધું હતું. અને જણાવ્યું હતું કે, સંસ્થા જો ૩૦ દિવસની અંદર કોઈ સુધાર નહીં કરે તો અમેરિકા હંમેશા માટે ડબ્લ્યુએચઓની ફંડિંગ પર રોક લગાવી દેશે. જેનો હવે અમલ કરવામાં આવ્યો છે.

દરમ્યાનમાં સૂત્રોએ કહ્યું કે, અમેરિકા અલગ થતાં અને નાણાંકિય સહાય પણ નહીં મળતાં આ સંસ્થાના આરોગ્ય સંશોધન પ્રોજેક્ટો પર અસર થઈ શકે છે. સમગ્ર વિશ્વમાં આ સંસ્થાના આરોગ્ય સંબંધિત આદેશો, જાણકારી, વિવિધ મોજણીના તારણો, હેલ્થ પ્રોટોકોલ-નિયમોને માનવામાં આવે છે. પરંતુ કોરોના વાઈરસના મામલે અમેરિકાએ ગંભીર આરોપો આ સંસ્થા પર મૂક્યા હતા.આ મુદ્દે અમેરિકામાં રાજકારણ શરૂ થઇ ગયું હોય તેમ નવેમ્બરમાં યોજાનાર ચૂંટણીમાં રાષ્ટ્રપતિ પદના ડેમોક્રેટ ઉમેદવાર જો બાઈડને જો કે આ નિર્ણયને ખોટો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે જયા સુધી અમેરિકા ગ્લોબલ સિસ્ટમને મજબુત કરતું રહેશે ત્યાં સુધી અમેરિકાના લોકો સુરક્ષિત રહશે. હું રાષ્ટ્રપતિ બનીશ તો પ્રથમ દિવસે જ અમેરિકાને WHOમાં સામેલ કરીશ. હું વિશ્વકક્ષાએ અમેરિકાની લીડરશીપ ફરીવાર સ્થાપિત કરીશ.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૭૮૩**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૮૪૧૯**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૬**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૬૯**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૭૩૧૩**

### પીએમએલએ એક્ટ, ઈક્મટેક્સ એક્ટ, એફસીઆરએ એક્ટના નિયમો હેઠળ તપાસ

# રાજીવ ગાંધી ફાઉન્ડેશનના ફંડિંગની થશે તપાસ: ગૃહ મંત્રાલયે બનાવી કમિટી

ન્યુ દિલ્હી,તા.૮

કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજીવ ગાંધી ફાઉન્ડેશન એન્ડ ચેરિટિબલ અને ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટની તપાસના આદેશ આપ્યા છે. હોમ મિનિસ્ટ્રીએ તેના માટે એક ઈન્ટર મિનિસ્ટ્રિયલ કમિટિ પણ બનાવી છે. જે કોઓર્ડિનેશન કરશે. તપાસનું નેતૃત્વ ઈડીના એક સ્પેશ્યલ ડિરેક્ટર કરશે. આ વખતે ગાંધી પરિવાર સાથે જોડાયેલા આ બન્ને ટ્રસ્ટે નિયમોનું ઉલ્લંઘન તો નથી કર્યુંને તેની તપાસ કરાશે. થોડા દિવસ પહેલા ભાજપે આરોપ લગાવ્યો હતો કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ચીની દૂતાવાસ દાન મળ્યું હતું.

રિપોર્ટ્સના જણાવ્યા પ્રમાણે, કુલ ત્રણ ટ્રસ્ટોની તપાસ કરાવવામાં આવશે. જેમાં રાજીવ ગાંધી ફાઉન્ડેશન, રાજીવ ગાંધી ચેરિટેબલ ટ્રસ્ટ અને ઈન્દિરા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ સામેલ હશે. આરોપ છે કે આ ટ્રસ્ટોએ નિયમોનું ઉલ્લંઘન કર્યુ છે. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ અને ઈનકમ ટેક્સના નિયમોને પણ તોડવાનો આરોપ છે.

મળતી માહિતી પ્રમાણે, એન્ફોર્સમેન્ટ ડાયરેક્ટરના એક સ્પેશ્યલ ડાયરેક્ટર આ તપાસ ટીમનું નેતૃત્વ કરશે. થોડા દિવસ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ આરોપ લગાવ્યો હતો કે રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ચીન પાસેથી ફાળો મળ્યો હતો. કોંગ્રેસે આ આરોપોને ફગાવતા કહ્યું હતું કે, ભાજપ ચીન સાથે ચાલી રહેલા સીમા વિવાદ મુદ્દા પરથી ધ્યાન હટાવવા માટે આ પ્રકારના આરોપ લગાવી રહ્યો છે.પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના લક્ષ્યોને આગળ વધારવા માટે ૨૧ જૂન ૧૯૯૧ના રોજ સોનિયા ગાંધીએ તેની શરૂઆત કરી હતી.

### કાનપુર એક્રાઉન્ટર કેસ: એસટીએફ ટીમે હમીપુરમાં ઠાર માર્યો

# ગેંગસ્ટર વિકાસ દુબેના અંગત અને રાઈટ હેન્ડ અમર દુબેનું એન્કાઉન્ટર

હમીરપુર,તા.૮

કાનપૂર વિકાસ દુબે કેસને લઈ એક મોટા સમાચાર સામે આવ્યા છે. કાનપુર શૂટઆઉટના મુખ્ય આરોપી વિકાસ દુબેનો પ્રમુખ સાથીદાર અને અંગત ગણાતો અમર દુબેને પોલીસે પશ્ચિમ યુપીના હમીરપુરમાં ઠાર માર્યો છે. બુધવાર સવારે અમર દુબેની એસટીએફ ટીમ સાથે અથડામણ થઈ હતી. આ ઓપરેશનમાં અમર દુબેનું એક્રાઉન્ટર થયું છે.

અમર દુબેના એક્રાઉન્ટર બાદ પોલીસ દ્વારા કાનપુરમાં શ્યામુ બાજપાઈનું એક્રાઉન્ટર કરવામાં આવ્યું છે. શ્યામુ પર ૨૫ હજારનું ઈનામ છે. આ એક્રાઉન્ટરમાં શ્યામુ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો. માહિતી મુજબ તેને હેલટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસ મુજબ અમર દુબે વિકાસ દુબે સાથે કાનપુરના બિકરું ગામમાં થયેલ શુટઆઉટમાં શામેલ હતો. અમરે વિકાસ અને તેના સાથીદારો સાથે મળી પોલીસ ટીમ પર જબરદસ્ત ગોળીબાર કર્યો હતો. આ ઘટનામાં ૮ પોલીસકર્મી શહીદ થયા હતા. જેના પછી આ વિકાસ ગેંગની શોધ ચાલી રહી હતી. અમર પર ૨૫ હજાર રૂપિયાનું ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું. એવું બતાવવામાં આવી રહ્યું છે કે અમર દુબે હમીરપુરના મૌદહા વિસ્તારમાં આવેલ તેના કોઈ સંબંધીના ઘરે આશરો લેવાના હેતુથી આવ્યો હતો.

આ પહેલા અમરે હરિયાણાના ફરીદાબાદમાં આશરો લીધો હતો. અમર દુબેની મૂવમેન્ટ બાદ એસટીએફે તેને સરેન્ડર કરવા કહ્યું હતું. આ દરમિયાન દુબેએ ત્યાંથી ભાગવાની કોશિશ કરી પરંતુ તે નિષ્ફળ રહ્યો અને પોલીસ પર ગોળીભાર કર્યો. ક્રોસ ફાયરિંગમાં પોલીસે તેને ઢેર કર્યો. એવું બતાવવામાં આવી રહ્યું છે કે ૨ જુલાઈની રાત્રે જ્યારે વિકાસ દુબેના ઘરે પોલીસ દરોડા પાડવા ગઈ ત્યારે અમર દુબે પણ ત્યાં હાજર હતો. પોલીસ પર ફાયરિંગ કરવા અને તેમની હત્યા કરવામાં અમર શામેલ હતો. આ ઘટના બાદ અમર વિકાસ સાથે ભાગી ગયો હતો. અમર વિકાસના સૌથી અંગત અને વિશ્વાસુ સાથીઓમાંથી એક હતો.

જો કે, હાલ પર વિકાસ પોલીસની પકડથી દૂર છે. તેની શોધમાં યુપી પોલીસે પશ્ચિમ યુપીના તમામ જિલ્લાઓમાં બાજ નજર રાખી છે. વિકાસની શોધ માટે વેસ્ટ યુપી અને બુંદેલખંડના અમુક વિસ્તારોમાં એસટીએફ ટીમોની તૈનાતી કરી છે. આ સિવાય દિલ્હી અને હરિયાણાની દરેક એવી કોર્ટ પર નજર રાખવામાં આવી રહી છે જ્યાં વિકાસ દુબેના સરેન્ડર કરવાની શંકા છે.

## તંત્રી સ્થાનેથી...

### ચીનનુ નવુ ઊંબાડિયું: ભારતના પાકિસ્તાન કબજાના પોકમાં ડેમ બાંધવાનું કારણ શું ....?!

ભારતની ગલવાન સરહદેથી ચીને પોતાના સૈનિકો પાછા હટાવ્યા પરંતુ અન્ય ત્રણેક સ્થાનો પરથી હટાવ્યા કે કેમ.....? તેવો પ્રશ્ન રાજકીય ક્ષેત્ર સહિત દરેક ક્ષેત્રોમાં ઉઠવા પામ્યો છે. તો લુચ્ચા ચીને એક નવું ઉબાડીયુ ભારતના પાકીસ્તાન કબજાના ×પોક× વિસ્તારમાં પણ કર્યુ છે. લુચ્ચા ચીનની ચાલ ભારતનો પ્રદેશ પચાવી પાડવા કોઈપણ રીતે ઘેરવા માટેની યથાવત રહી છે. બાંગ્લાદેશ અને શ્રીલંકા પોતાની તરફ ખેંચવા ચીન સામે,દામ,દંડ,ભેદથી સતત પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ સફળતા મળી નથી.... તો મ્યાનમારમાં આતંકીઓને શસ્ત્ર સહાય સહિતની મદદ આપીને દાદાગીરીથી પોતાની ચુંગાલમાં લેવા પ્રયત્ન કરી રહ્યું છે.... ત્યારે મ્યામારના લશ્કરી વડાએ વિશ્વના દેશો સમક્ષ મદદ કરવા અપીલ કરી છે. તો નેપાળના વડાપ્રધાન ઓલી ચીન તરફી હોવાને કારણે ભારત સાથે ખોટા ઊંબાડિયા કર્યા ત્યારે ત્યાંની સમજદાર જાગૃત પ્રજા અને વિપક્ષોએ ભારે વિરોધ કરીને સોહા મચાવી પીએમ પદ છોડવું પડે તેવી સ્થિતી પેદા કરી દીધી..... પરંતુ ચીનના વિદેશ મંત્રીના ચંચુપાતને લઈને ઓરીના પીએમ પદનું મોત થોડા દિવસ પાછુ ખેંચાયું છે....! તો નાપાક પાકિસ્તાન દગાખોર ચીનનુ પ્યાદુ બની ગયું છે અને અમેરિકાની હુફ છોડી ચીન સાથે બેસી ગયું છે. પાકિસ્તાને કાશ્મીર સરહદે તોપમારો,મોર્ટાર મારો,ગોળીબારી તેમજ આતંકવાદી પ્રવૃત્તિ વધારી દીધી છે. ત્યારે પાકિસ્તાનમાં પીએમ ઈમરાન ખાને લોકાક્રોશ શાન્ત પાડવા પેટ્રોલ-ડીઝલમાં મોટો ભાવ ઘટાડો કરીને લીટરના રૂપિયા ૩૪ સુધી લાવી દઈને ટ્રાન્સપોર્ટ ક્ષેત્ર સહિતના દરેક ક્ષેત્રોને ભાડા દરો સહિત કિંમતો ઘટાડવા અપીલ કરતા પેટ્રોલ, ડીઝલ, કેરોસીનના ભાવ ઘટાડવાનો લાભ આમ પ્રજાને આપવા રાષ્ટ્રજોગ સંદેશામાં અપીલ કરી હતી. પરંતુ પાકિસ્તાનની પ્રજા સમજી ચુકી છે કે ચીનની દોસ્તી અને ભારત સાથેની વેર વૃતિ પાકિસ્તાનને તબાહ કરી નાખશે. તો પાકિસ્તાનની સંસદમાં ભારત યુએનએસસીનુ સભ્ય બની જતા ભારે હંગામો મચી ગયો હતો. સભ્ય બનવું એ કોઈ મોટી વાત નથી પરંતુ પાકિસ્તાન સાંસદોને તકલીફ બાબતે થઈ કે ભારતનેને ૧૯૨ માંથી ૧૮૪ મળ્યા હતા. જે પ્રથમવાર સૌથી વધુ વોટ છે... આજ સુધી મોટાભાગના દેશોને ૧૪૦ થી ૧૬૦ વોટથીદ ચૂંટાયા છે... એટલે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું અને આ બાબત પર ત્યાંની સંસદમાં લાંબી ચર્ચાઓ ચાલી હતી... તે સાથે વડાપ્રધાન ઈમરાનખાનને કહ્યું હતું કે ભારત સાથે દુશ્મની ખતમ કરો જે પાકિસ્તાનના હિતમાં છે... તો પાક. પ્રજામાં પણ પેટ્રોલ ડીઝલની કિંમતો ઘટાડવા છતાં પાક સરકારનો વિરોધ કર્યો છે.... જે ભારત માટે સારા સમાચાર છે....!

પાકિસ્તાને ભારતનો ૭૯ હજાર કિલોમીટરનો વિસ્તાર પચાવી પાડેલ છે જેને ×પોક× વિસ્તાર તરીકે ઓળખવામાં આવે છે. પરંતુ આ ×પોક× વિસ્તારથી ભારતના મોટા ભાગના લોકો અજાણ્યા છે. ત્યાંનુ કુદરતી સૌંદર્ય અપ્રતિમ માણવાલાયક છે. પાકિસ્તાનને અહીં આવતા વિદેશી પ્રવાસીઓથી મસ મોટી આવક થાય છે... તો પોકના સ્થાનિક નિવાસીઓને મોટા પ્રમાણમાં આવક મળી રહે છે. ચીન માટે પાકિસ્તાન એક સેવક છે એમ કહેવાય કે ગુલામ જેવું બની ગયું છે....તેનુ કારણ છે ચીન પાસેથી મોટું કરજ લીધું છે... એ કારણે ચીનને સિયાચીન વિસ્તાર મોટો ફાયદારૂપ છે. તો ભારતના પાકિસ્તાનના કબજામાં રહે પોક વિસ્તારના ગિલગીટ બાલ્ટીસ્તાન વિસ્તાર ૫ દેશોને જોડે છે જેમા અફઘાનિસ્તાન, પાકિસ્તાન,ચીન,કઝાકિસ્તાન અને ભારતને જોડે છે ત્યારે ચીનના પીઠ્ઠુ પાકિસ્તાને બહુ મોટી ચાલ ચાલીને ગિલગીટ બાલ્ટિસ્તાનને સૌ પ્રથમ ઓક્યુપાઈડ કરી જમ્મુ કાશ્મીર થી અલગ કરી અલગ પ્રદેશ બનાવી દીધો... ત્યાર પછી તેમાં સીપીઈસી સડક યોજના પસાર કરાવીને ચીનને પ્રવેશ કરાવી દીધો. જે બાબત ભારતના કોઈપણ રાજકીય પંડિતો કે ખેરખાઓ કે રાજકીય નેતાઓ પણ સમજી શક્યા નથી.....!! તો ભારતની પ્રજા ક્યાથી સમજી શકે....? અને અત્યારે વિશ્વભરમાં કોરોના મહામારીને નાથવા વિશ્વના દેશો લડી રહ્યા છે અને ચીને ભારતને સરહદે ઉબાડીયા કરવાની શરૂઆત કરી છે તેવા સમયમા પાકિસ્તાને પોક વિસ્તારમાં પ્રથમ વાર સ્થાનિક ચૂટણીઓની જાહેરાત કરી... તેની સામે સમગ્ર પોક વિસ્તારની પ્રજાનો ભારે વિરોધ થયો છે અને આવા સમયમાં ચીને ભારતના પાક.કબજામાં રહેલ પોક વિસ્તારમાં ડેમ બનાવવાની શરૂઆત કરતા પોક પ્રજા પાકિસ્તાન સરકાર અને ચીન સામે ભારે વિરોધ કરવા સાથે રસ્તા ઉપર ઉતરી આવી છે... તેના ઘેરા પ્રત્યાઘાત પાકિસ્તાનમાં પણ પડ્યા છે.....! જે કદાચ પાક.ની ઈમરાન ખાન સરકારને ભારે પડી શકે છે.....! ત્યારે ભારતની બાજ નજર સતત ×પોક× વિસ્તાર અને પાકિસ્તાન પર મંડરાયેલી રહે તે પણ અતિ જરૂરી છે......!?
વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૯/૦૭/૨૦૨૦, ગુરૂવાર, અષાઢ વદ-૪
સૂર્યોદય-૬-૧૧, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૬-૫૯,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ શતતારા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>૬-૧૧થી શુભ-૭-૫૧ સુધી, ૧૧-૧૨થી ચલ-લાભ-અમૃત-૧૬-૧૩ સુધી, ૧૭-૫૩થી શુભ-અમૃત-ચલ-૨૨-૧૩ સુધી<br>- શુભ હોરા-<br>૬-૧૧ થી ૭-૧૮ સુધી,૯-૩૧થી ૧૨-૫૨ સુધી,૧૩-૫૯થી ૧૫-૦૬ સુધી,૧૭-૨૦થી ૨૦-૨૭ સુધી |

'ઘર કામની સાથે કમાણી કરવાની આ સુવર્ણ તક

# કપરાડા તાલુકાના ધોધડકુવા- સુખાલા ગામે ઓછા ખર્ચે વધુ આવક મશરૂમની ખેતી કરતી મહિલાઓ

વલસાડ

'ખેતી' શબ?દ સાંભળતાં આપણા મગજમાં ખેતર, ટ્રેકટર, ખાતર, જંતુનાશક, રોપણી, લળણી, વરસાદ જેવા દ્રશ?યો ઉભરવા માંડે છે. જો કોઇ કહે કે, આ તમામ ઝંઝટ વગર ઘર બેઠા પણ ખેતી કરી શકાય અને તેમાંથી સારી એવી મુડી પણ રળી શકાય, તો કદાચ માનવામાં જ ન આવે! પરંતુ ખરેખર આવી એક પ્રકારની ખેતી છે - મશરૂમની ખેતી.

મશરૂમ જેને આપણે સામાન?ય રીતે બીલાડીનો ટોપ તરીકે પણ ઓળખીએ છીએ. વૈજ્ઞાનિક રીતે જોવા જઇએ તો આ એક પ્રકારની નરી આંખે જોઇ શકાતી ફુગ છે. મશરૂમમાં રહેલા પોષ?ટીક અને વૈદકિય તત?વોના કારણે દુનિયાભરમાં તેની માંગ છે. આ ખેતી વલસાડ જિલ્લાના ગામોમાં ગૃહિણીઓ માટે રોજગારી મેળવવાનું ઉત્તમ સાધન બની છે.

ગુજરાત સરકાર દ્વારા બહેનોને આત?મર્નિભર બનાવવા માટે ગામમાં જ રોજગારીની તકો ઊભી થાય અને બહેનો આર્થિક રીતે પગભર બને તે માટે વિવિધ તાલીમો અલગ-અલગ કાર્યક્રમો હેઠળ આપવામાં આવે છે. આવા કાર્યક્રમો પૈકી જિલ્લા ગ્રામ વિકાસ એજન?સી હેઠળ બહેનોના સ?વસહાય જુથ બનાવી તેઓને વિવિધ કૌશલ?યો માટે નિ:શુલ?ક તાલીમ આપવામાં આવે છે.

દક્ષિણ ગુજરાતના છેવાડે આવેલા વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના ધોધડકુવા હનુમાન ફળિયાના સંગીતાબેન કલ?પેશભાઇ પટેલ અને સુખાલા પટેલ ફળિયા તેજલબેન મુકેશભાઈ પટેલ વર્ષ-૨૦૧૬માં 'જય જલારામ મહિલા મંડળ' મહિલાઓ સુખાલા અને ધોધડકુવા સ?વસહાય જુથમાં જોડાયા હતા.

ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ કૃષિ વિજ્ઞાન કેન?દ્રો ખાતે સ?વસહાય જુથને વિવિધ બાગાયતી ખેતી વિશે નિ:શુલ?ક તાલીમ આપવામાં આવે છે. આ કાર્યક્રમ હેઠળ સંગીતાબેન અને તેઓના જુથની તમામ બહેનોએ મશરૂમની ખેતી અંગે પાંચ દિવસીય તાલીમ વલસાડ જિલ?લાના કપરાડા તાલુકાના અંભેટી સ?થિત કૃષિ વિજ્ઞાન કેન?દ્રના માર્ગદર્શન હેઠળ મેળવી હતી.

તાલીમ બાદ મંડળની તમામ બહેનોએ સાથે મળીને એક જ સ?થળે મશરૂમની ખેતી શરૂ કરી હતી. વર્ષ જતા ધીરે-ધીરે બહેનો મશરૂમની ખેતીમાં તજજ્ઞ બનતા પોતાના ઘરે અલગ-અલગ ખેતી કરવાની શરુઆત કરી હતી. આજે સતત બે વર્ષથી સંગીતાબેન અને તેજલબેન પોતાના ઘર આંગણામાં જ નાનકડી જગ?યામાં મશરૂમની ખેતી સફળતા પુર્વક કરી રહી છે.



સંગીતાબેન પટેલ મશરૂમની ખેતી અંગે પોતાના અનુભવ જણાવતા કહે છે કે, 'મશરૂમની ખેતીમાં અમારે માર્કેટીંગની જરૂર પડતી નથી, ગ્રાહકો અને દુકાનદારો ઘરે આવીને જરૂરીયાત પ્રમાણે મશરૂમ લઇ જાય છે. તેથી ઘર બેઠા આવક થાય છે. બહેનો માટે આ ખેતી ખુબ લાભદાયક છે. ઘર-પરિવાર કે બાળકો સાથેના સમયનો ભોગ આપવો પડતો નથી. ઘર કામ સંભાળવાની સાથે-સાથે કમાણી કરવાની આ સુવર્ણ તક છે.'

મશરૂમની ખેતી માટે ખાસ વધારે જગ?યાની જરૂર પડતી નથી. આ કામ ઘરના આંગણા કે વાડામાં હવા-ઉજાસ વાળી ઓછી જગ?યામાં પણ સરળતાથી થઇ શકે છે. તેના માટે સામગ્રી રૂપે ૧ કિલો બિયારણ રૂા.૧૩૦/-, ડાંગરના પુળા રૂા.૧૦૦/-, ૨ સફેદ મોટી પ?લાસ?ટીકની બેગ, ૨ કાળી મોટી પ?લાસ?ટીકની બેગ રૂા.૪૦/-, કાર્બેન?ડેઝીમ અને ફોર્મેલીન પાવડર-૩૦ રૂપિયા તથા થોડા વાંસના લાકડા. આમ, લગભગ ૩૦૦ રૂપિયાની આસપાસ કુલ ખર્ચ ૧ કિલો બિયારણના વાવેતર માટે થાય છે.

મશરૂમ ઉત?પાદન માટે સૌ પ્રથમ વાંસની પાલખ તૈયાર કરવામાં આવે છે. જેને સીલીન?ડર કહેવાય છે. ત?યાર બાદ ડાંગરના પુળામાં પાણી, કાર્બેન?ડેઝીમ અને ફોર્મેલીન પાવડરના દ્રાવણમાં ૧૮ કલાક બોળી રાખવામાં આવે છે. પુળાને દ્રાવણમાંથી કાઢી સુકવી સફેદ બેગમાં બીયારણ સાથે ભરવામાં આવે છે. અને કાળી બેગથી ઢાંકી દેવામાં આવે છે. સામાન?ય રીતે ૧ કિલો બિયારણમાં ૨ સિલિન?ડર તૈયાર થાય છે.

ત?યાર બાદ ૨૨ દિવસમાં મશરૂમનો પ્રથમ પાક તૈયાર થઇ જાય. પ્રથમ વખતે ૧૦-૧૦ કિલો મશરૂમ બન્ને સિલિન?ડરમાંથી મેળવી શકાય. મશરૂમ કાઢયાના બીજા ૧૦ દિવસ બાદ ૩-૩ કિલો અને ત્રીજી વખતના ૧૦ દિવસ બાદ ફરી ૩-૩ કિલો મશરૂમ મેળવી શકાય છે.

આમ, ફકત એક કિલો બિયારણમાંથી ૨ સિલિન?ડર મારફતે ૩૨ કિલો મશરૂમ ફકત ૪૨ દિવસમાં મેળવી શકાય છે. જેમાં ૧ કિલો મશરૂમનો બજાર ભાવ રૂપિયા રૂા.૨૫૦ થી રૂા. ૩૦૦ સુધી મળે છે. આમ, ૩૦૦/- રૂપિયાના ખર્ચની સામે ૬,૬૦૦/- રૂપિયા આવક થતાં રૂા.૬,૩૦૦/- નો ચોખ?ખો નફો મળે છે.

સંગીતાબેન મશરૂમની ગુલાબી અને સેજોર કાજુ નામની જાતોનું વાવેતર કરે છે. એક સાથે ૫-૫ કિલો મશરૂમનું વાવેતર અવાર-નવાર કરવામાં આવે છે. આમ, ઓછા ખર્ચમાં વધુ આવક અને ઘર બેઠાં મુડી મળતી હોવાના કારણે સંગીતાબેનના સંચાલન હેઠળના જયજલારામ સ?વ-સહાય જુથની તમામ બહેનો છેલ્લા ચાર વર્ષથી પોતાના પરિવારને આર્થિક સહાયરૂપ બની રહ્યા છે.

સંગીતાબેનના પરિવારમાં પતિ-પત?નિ, ૩ બાળકો અને સાસુ-સસરા છે. પતિ ખેતી સંભાળે છે. અને વૃદ?ધ સાસુ-સસરા વહુ-દિકરાની મદદ કરે છે. સંગીતાબેનને ખેતી કામ સાથે ઘર પણ સારી રીતે સંભાળતા જોઇ પરિવારના સભ?યોને તેમના ઉપર ગર્વ છે.

કપરાડાના અંભેટી સ?થિત કૃષિ વિજ્ઞાન કેન?દ્રમાં પ્રોગ્રામ આસીસ?ટન?ટ પ્રેમિલાબેન આહિર આ બાબતે જણાવે છે કે, 'બહેનો તાલીમ લીધા બાદ જયારે પગભર બની જાય છે અને પરિવારનો આર્થિક બોજ ઉપાડવા સક્ષમ બને છે. ત?યારે અમારા કેન?દ્ર દ્વારા આપવામાં આવેલી તાલીમ સાર્થક થઇ તેવું મારું માનવું છું. બહેનોને આત?મર્નિભર બનાવવામાં અમારો થોડા ઘણો ફાળો છે એ જાણીને ગર્વની અનુભૂતી થાય છે.'

સંગીતાબેન અને જય જલારામ સ?વ-સહાય જુથની બહેનો દ્વારા નર્સરી, કિચન ગાર્ડન, વર્મી કંપોસ?ટ, સોફ્ટ ટોયઝ, સ?ક્રીન પ્રીન?ટીંગ, રસ ભરવાની તથા સીવણની પણ તાલીમ અંભેટી સ?થિત કૃષિ વિજ્ઞાન કેન?દ્રમાંથી મેળવી છે. જે તમામનો ઉપયોગ એક અથવા બીજી રીતે કરી રહયા છે.

મશરૂમની ઉપયોગીતા અને ગુણો

દુનિયાભરમાં બે હજાર જેટલી મશરૂમની જાતો છે. ભારતમાં ૨૦૦થી વધુ જોવા મળે છે. જો યોગ?ય વાતાવરણ જળવાઇ તો દક્ષિણ ગુજરાતમાં બારે માસ મશરૂમનું ઉત?પાદન મેળવી શકાય છે.

મશરૂમની કોમળતા, સ?વાદ, સુગંધ, પ્રોટીન, વિટામિનને કારણે આજે હોટલો અને વૈભવી લોકોની થાળીમાં અનિવાર્ય વાનગી બની ગઇ છે.

આ ઉપરાંત તેના ઉચ?ચ વૈદકિય અને ઓષધિય ગુણોના કારણે હાઇપર ટેન?શન, ડાયાબિટીસ, સ?કર્વી અને હૃદયના રોગીઓ માટે, લાલ રકતકણોની વૃદ્ધિ માટે, ચામડીના રોગો, સંધિવા તથા કેન?સર અને એઇડસ જેવા રોગો માટે પણ ઉપયોગી છે.

મશરૂમમાં ૮૫ થી ૯૦ ટકા પાણી, ૪ થી ૫ ટકા પ્રોટીન, ૫ ટકા કાર્બોહાઇડ્રેટ, ૦.૪ થી ૦૩ ટકા ખનીજ તત?વો તથા વિટામીન હોય છે.

# એમસીએક્સ પર કોમોડિટી ઈન્ડેક્સનું મોક ટ્રેડિંગ અને કોન્ટેસ્ટનો આજથી થશે પ્રારંભ

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ એમસીએક્સ દ્વારા ભારતના કોમોડિટી વાયદા બજાર ઈતિહાસમાં પ્રથમ વખત શરૂ થનાર બિનકૃષિ પેદાશોના સૂચકાંક (કોમોડિટી ઈન્ડેક્સ)ના મોક ટ્રેડિંગનું આયોજન તા.૯ જુલાઈથી ૩૧ જુલાઈ સુધી કરવામાં આવ્યું છે. આ મોક ટ્રેડિંગમાં સહભાગીઓનો રસ અને ઉત્સાહ વધે અને આ નવી પ્રોડક્ટ વિશે તેઓ વધુ પરિચિત થાય તથા તેમને ઈન્ડેક્સ ટ્રેડિંગનું પૂરતું જ્ઞાન મળી રહે તે હેતુસર એક આગવી કોન્ટેસ્ટનું આયોજન પણ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે. અલગ-અલગ શ્રેણીમાં વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવશે, જેમાં મોક ટ્રેડિંગના સમયગાળા દરમિયાન આઈકોમડેક્સ બુલિયન અને આઈકોમડેક્સ બેઝ મેટલ ફ્યુચર્સમાં દૈનિક ધોરણે મહત્તમ સોદાઓ કરનારને રૂ.૫,૦૦૦ના ગીફ્ટ વાઊચરનો પણ સમાવેશ થાય છે. આ મોક ટ્રેડિંગમાં બે ઈન્ડેક્સ અને તેના ઘટકો ઉપલબ્ધ બનશે, જેમાં બુલિયન ઈન્ડેક્સ અને બેઝ મેટલ ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. આ બંને ઈન્ડેક્સની લોટ સાઈઝ ૫૦ની ઈન્ડેક્સ પોઈન્ટની રહેશે. આ મોક ટ્રેડિંગમાં થયેલા સોદાઓ માટે પે-ઈન અને પે-આઉટની જવાબદારી રહેશે નહીં.

આ ઉપરાંત એમસીએક્સ દ્વારા શુક્રવાર, તા.૧૦ જુલાઈના રોજ સોનાના મિની ઓપ્શન્સનો પ્રારંભ કરવામાં આવશે. મિની ઓપ્શન્સમાં સહભાગીઓને પોર્ટફોલિયો આધારિત માર્જિનનો ખૂબ જ મોટો લાભ મળશે. ગોલ્ડ-મિની ફ્યુચર્સ અને ઓપ્શન્સની પાકતી તારીખ સમાન છે અને બંનેનો ફ્યુચર્સ અને ઓપ્શન્સનો પાકતી તારીખનો ભાવ પણ સમાન રહેશે, જે હાજર બજારના ત્રણ દિવસની સરેરાશને આધારીત હશે. આથી હાજર બજારના સહભાગીઓ તેમ જ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં કામ કરનાર સારી રીતે બંને પ્રોડક્ટમાં કામ કરીને લાભ ઉઠાવી શકે છે.

દરમિયાન, બુધવારે વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૦૦૮૫૬ સોદામાં રૂ. ૧૨૮૮૬.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૨૫૭૮.૨૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૦૮.૬૮ કરોડનો રહ્યો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૧૨૨૩૭૪ સોદાઓમાં રૂ. ૭૯૫૩.૮૨ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૭૦૪ ખૂલી, ઊપરમાં રૂ. ૪૯૦૪૫ અને નીચામાં રૂ. ૪૮૬૪૨ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૨ વધીને રૂ. ૪૮૯૭૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૭ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૩૩૧ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૯૧ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૨ વધીને બંધમાં રૂ. ૪૮૯૩૮ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૦૧૭૭ ખૂલી, ઊપરમાં રૂ. ૫૦૭૭૨ અને નીચામાં રૂ. ૫૦૦૦૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬૭ વધીને રૂ. ૫૦૫૬૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૩૩૮ વધીને રૂ. ૫૦૬૫૬ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૩૩૮ વધીને રૂ. ૫૦૬૪૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૨૬૯ સોદાઓમાં રૂ. ૧૮૬૦.૬૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૫૬ અને નીચામાં રૂ. ૩૦૨૯ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ ઘટીને રૂ. ૩૦૫૦ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૧૮૧ સોદાઓમાં કુલ રૂ. ૧૯૬.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૮૦ અને નીચામાં રૂ. ૧૬૦૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૦ વધીને રૂ. ૧૬૧૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૭૨.૫ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૨ વધીને બંધમાં રૂ. ૬૭૫.૫ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૯૬ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૬ અને નીચામાં રૂ. ૯૮૧ રહી, અંતે રૂ. ૯૮૨.૨ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૭૯.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૮૬.૫ અને નીચામાં રૂ. ૯૭૮.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૦૦ વધીને રૂ. ૯૮૪ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૫૦૯ સોદાઓમાં કુલ રૂ. ૪૪૬૭.૪૩ કરોડ ની કીમતનાં ૯૧૪૩.૦૩૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૯૭૮૬૫ સોદાઓમાં કુલ રૂ. ૩૪૮૬.૩૯ કરોડ ની કીમતનાં ૬૯૦.૮૬૮ ટન, ક્રૂડ તેલમાં ૨૧૩૧૫ સોદાઓમાં રૂ. ૯૫૩.૨૬ કરોડનાં ૩૧૩૪૩૦૦ બેરલ્સ, કોટનમાં ૨૩૩ સોદાઓમાં રૂ. ૧૦.૬૯ કરોડનાં ૬૬૦૦ ગાંસડી, સીપીઓમાં ૧૮૨૧ સોદાઓમાં રૂ. ૧૭૭.૩૪ કરોડનાં ૨૬૪૯૦ ટન, મેન્થા તેલમાં ૬૩ સોદાઓમાં રૂ. ૬.૮૩ કરોડનાં ૬૯.૧૨ ટન, કપાસમાં ૬૪ સોદાઓમાં રૂ. ૧.૬૯ કરોડનાં ૩૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૭૭૩.૭૩૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૪૫.૧૧૩ ટન, ક્રૂડ તેલમાં ૫૬૯૧ બેરલ્સ, કોટનમાં ૧૨૦૨૦૦ ગાંસડી, સીપીઓમાં ૮૨૬૫૦ ટન, એલચીમાં ૧.૩ ટન, મેન્થા તેલમાં ૧૩૧.૭૬ ટન અને કપાસમાં ૪૧૬ ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૩૦૮.૬૮ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૪.૨૧ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૯.૮૦ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૦.૨૦ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૩૦ ખૂલી, ઊપરમાં રૂ. ૭૭૯.૫ અને નીચામાં રૂ. ૬૧૨.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૩૭.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૮૯ ખૂલી, ઊપરમાં રૂ. ૪૩૫ અને નીચામાં રૂ. ૩૩૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૪૫.૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૨૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૨૬૫.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૫૫૦ અને નીચામાં રૂ. ૧૨૩૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૬૪ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૯૬૧ ખૂલી, ઊપરમાં રૂ. ૯૯૧ અને નીચામાં રૂ. ૮૪૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૭૫ બંધ રહ્યો હતો. તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫ ખૂલી, ઊપરમાં રૂ. ૫ અને નીચામાં રૂ. ૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૫ અને નીચામાં રૂ. ૧૨૯.૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૧.૧ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૯૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૧.૭ અને નીચામાં રૂ. ૯૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૨.૮ બંધ રહ્યો હતો.

# સારા વરસાદથી રાજ્યમાં ૪૯ ટકા પાણીનો કરાયો સંગ્રહ

ગાંધીનગર,તા.૮

રાજ્યમાં મોટાભાગના વિસ્તારમાં અવિરત પડી રહેલા વરસાદના પગલે જળાશયોમાં ચોમાસાના પ્રારંભમાં જ સારા એવા જળનો સંગ્રહ થઇ ગયો છે. ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવેલા વિવિધ ડેમોમાં ૮૦થી ૧૦૦ ટકા સુધીના પાણીનો સંગ્રહ થયો છે. જેથી આ વર્ષે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં પાણીની સમસ્યા ઓછી સર્જાશે અને ખેડૂતોને પણ ખેતી માટે પૂરતા પ્રમાણમાં પાણી મળી રહેશે. રાજ્યમાં કુલ ૪૮ ટકા પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં ૫૧ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૪૯ ટકા પાણીનો સંગ્રહ થયો છે.

રાજ્યમાં કુલ ૨૦૬ ડેમ છે. જેમાં સૌથી વધુ ડેમ સૌરાષ્ટ્રમાં આવેલા છે. સૌરાષ્ટ્રમાં ૧૪૦ ડેમ, કચ્છમાં ૨૦ મધ્ય ગુજરાતમાં ૧૭, ઉત્તર ગુજરાતમાં ૧૫ અને દક્ષિણ ગુજરાતમાં ૧૩ ડેમ આવેલા છે. કુલ ૨૦૬ ડેમમાંથી ૨૨ ડેમ ફૂલ છે. જેમાં સૌરાષ્ટ્રના ૧૯ અને કચ્છના ૩ ડેમનો સમાવેશ થાય છે. ૨૦૬ ડેમોમાં 25226.6mcm પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા છે, જેમાંથી ૧૨૨૯૪.૬દ્બષ્ઠ પાણીનો સંગ્રહ અત્યારસુધીમાં થઇ ગયો છે. એટલે કે ૨૦૬ જળાશયોમાં ૪૮.૭૪ ટકા પાણી સંગ્રહ છે. ઉત્તર ગુજરાતમાં કુલ ૧૯૨૨.૨૬mcm પાણીના સંગ્રહની સામે ૫૧૭.4mcm પાણીનો સંગ્રહ હાલની સ્થિતિએ છે. એટલે કે ઉત્તર ગુજરાતમાં ૨૦ ટકા જેટલું પાણી સંગ્રહિત થયું છે. જેમાં સૌથી વધુ અરવલ્લી અને મહેસાણામાં છે. દક્ષિણ ગુજરાતમાં કુલ ૮૬૨૪.૭૮mcm પાણીના સંગ્રહની કેપેસિટીમાં છે જેની સરખામણીએ હાલની સ્થિતિ પ્રમાણે ૪૦૪૪.૮૧mcm પાણોની સંગ્રહ થયો છે એટલે કે દક્ષિણ ગુજરાતમાં ૪૬.૯૦ ટકા પાણીનો સંગ્રહ છે. જેમાંથી સૌથી વધુ તાપી અને નર્મદા જિલ્લામાં છે.

# યુવતીઓના સપનાનો માળો, સગપણથી - લગ્નનો સમયગાળો




**સરવાળે સંબંધ**

મેધા પંડ્યા ભટ્ટ
medha.pandya@gmail.com

લગ્ન અને વેવિશાળ વચ્ચેનો સમયગાળો દરેક વ્યક્તિ માટે મહત્વનો હોય છે. આજના સમયમાં જે રીતે સંબંધ જોડાય છે અને પછી તૂટે છે, તે ખૂબ જ સામાન્ય બાબત બની ગઈ છે. શા માટે સગપણ તૂટે છે અને તેના કારણો શું છે? આ વાત વડીલો અને ખાસ તો તે બે વ્યક્તિઓએ સમજવાની જરૂર છે, જે બંને સગપણના સંબંધથી જોડાયા છે. જેમના થકી બે પરિવાર, કુટુંબ અને ભવિષ્યમાં બે સમાજ એક થવાના છે.

સગપણ થયા પછી યુવક અને યુવતીએ લગ્ન સુધીના સમયગાળાને ખૂબ જ સુંદર રીતે સમજણપૂર્વક જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સગપણની અનુભૂતિ પહેલા પ્રેમ જેવી હોય છે. જીવન સાથી પોતાની રીતે પસંદ કર્યો હોય કે માતાપિતાએ પસંદ કર્યો હોય પણ કોઈની સાથે દિલની દોર બંધાઈ જાય છે તો વ્યવહાર અને વર્તનમાં પરિવર્તન આવવું સ્વાભાવિક હોય છે. આવી મનોસ્થિતિમાં દિલમાં થાય છે કે જે પણ નવી અને અજાણી લાગણી મનમાં ઉદ્ભવે તેને મિત્રો સાથે વહેંચી લેવી, પરંતુ ક્યારેક આમ કરવાથી મુશ્કેલી પણ ઊભી થઈ શકે છે. ખાસ કરીને જ્યારે વેવિશાળ થઈ ગયું હોય અને લગ્નની તૈયારીઓ ચાલતી હોય ત્યારે તો બેઉ પક્ષોએ આવી બાબતો ખાસ સાચવવી પડે છે.

મોટાભાગે યુવતીઓ વેવિશાળ થયા પછી ભાવનાઓના આવેગમાં એકદમ સરી જવા લાગે છે અને કયારેક હાસ્યાસ્પદ બની જાય છે. જો તમે ઈચ્છતા હો કે તમારે હાસ્યાસ્પદ નથી બનવું અથવા સગપણ તૂટવા સુધી વાત ન પહોંચે તેનું ધ્યાન રાખવું હોય તો નીચેની વાત પર ધ્યાન આપશો. તમારું વેવિશાળ થયું એ સારી વાત છે. પ્રેમના નવા અંકુર ફુટે છે, પરંતુ એ જરૂરી નથી કે આ અંકુરમાંથી બહાર આવતાં ફળ તમે સૌને બળજબરીથી ખવડાવો, દરેકને તમારી વાતોથી કંટાળો આપો કે ×મારા ફિયાન્સે તો આમ કહ્યું,×, ×તે આમ છે× ×તે તેમ છે× વગેરે. ક્યારેક આવું સાંભળવાનું ગમે છે, પરંતુ જ્યારે તમે તમારા ×એ×નું ખૂબ ઊંડાણપૂર્વક, લંબાણપૂર્વક વર્ણન કરો છો ત્યારે બીજા લોકો કંટાળે છે.

વેવિશાળ એ લગ્ન કરવાનો પરવાનો છે, પરંતુ બધું ભૂલીને ઘેલાં ન બની જશો. કેટલીક છોકરીઓને દેખાડો કરવાની ટેવ હોય છે. સામાન્ય રીતે પોતાની બહેનપણી સાથે ફોન પર ધીમેથી વાતો કરતી છોકરીઓને પણ વેવિશાળ થયા પછી ભાવિ પતિની સાથે મોટેથી વાતો કરવાની ટેવ પડી જાય છે. આ ટેવ તેને હાસ્યાસ્પદ સ્થિતિમાં મૂકી દેતી હોય છે. એટલે જ્યારે પણ તમે તમારા ભાવિ ભરથાર સાથે ફોન પર વાત કરો ત્યારે આજુબાજુવાળાનો જરૂર વિચાર કરજો. ખબર નહીં કેમ પણ કેટલીક છોકરીઓને તો વેવિશાળ થયા પછી (ફક્ત લગ્ન સુધી જ) સાસરીનાં લોકો જ નહી પણ ત્યાંના કૂતરાં-બિલાડાં પણ બેહદ રૂપાળા લાગવા લાગે છે. ઘણીવાર એ આકર્ષણમાં આંધળી બની સારા-નરસાંનો ભેદ સમજી શકતી નથી અને સાસરિયાંનો હાથો બનીને રહી જાય છે. ભાવિ પતિ તમારાં સપનાંનો રાજકુમાર હોઈ શકે છે પરંતુ તેની સામે તમારા કુટુંબીજનો સાથે નીચલા સ્તરના કર્મચારી હોય તેવું વર્તન ન કરો. વેવિશાળ પછી અને લગ્ન પહેલાં તમારે તમારાં સાસરિયાં સાથે કેવા પ્રકારનો સંબંધ રાખવો એ નક્કી કરવું ખૂબ જરૂરી છે.



જન્મના અને જીવનના સંબંધોમાં સમતોલપણું બનાવી રાખવું એ તમારું કામ છે. જો તમારું વેવિશાળ થઈ ગયું હોય તો એકવાર તમારી જાતને તપાસી લેજો. જાતને ઓળખવાનો પ્રયાસ કરો કે તમે ક્યાંક તમારાં મા-બાપ સાથે અવ્યવહારિક તો નથી બની જતાં ને? અચાનક તમારી અપેક્ષા તો નથી વધી ગઈને? તમે જાણો છો કે માબાપની સ્થિતિ કેવી છે. ×તે લોકો શા માટે ફોન કરે તમે છોકરીવાળા છો×, ×તો શું થયું. જો તેમણે કશું કહી દીધું હોય×... જેવી વાતોથી તમે જાતે તમારા કુટુંબને જ આઘાત પહોંચાડશો. એટલે વેવિશાળ પછી સમજણથી વ્યવહારકુશળ બની કામ લેશો.

સામાજિક વ્યવહાર ત્યારે પણ એટલો જ જરૂરી બની રહે છે જ્યારે તમે પ્રેમલગ્ન કરી રહ્યાં હો છો. પ્રેમલગ્નમાં કુટુંબવાળા તમારો મેળાપ નથી કરાવતા એટલે તમે બંને કટુંબોને એકબીજાનો પરિચય કરાવો. તેમાં તમારી જવાબદારી વધી જાય છે. પ્રેમલગ્ન કરતી વખતે સગપણ પછી એ વાતનું ખાસ ધ્યાન રાખો કે તમારી વિચારધારા અને તમારું આચરણ બંને પરિવારોને પરસ્પર દૂર લઈ જવાને બદલે નજીક લાવે.

વેવિશાળ પછી તમારો વ્યવહાર એવો હોવો જોઈએ જે બે કુટુંબોને નજીક લાવવાનું કામ કરે. કુટુંબના વડીલો તરફથી લગ્નની પરવાનગી મળી જાય તો પ્રેમી પ્રત્યે ઘેલાપણું ન દેખાડવું. તમારાં માબાપ એવું વિચારતાં ન થઈ જાય કે અમારી સારી પુત્રી તે છોકરાના કારણે આટલી બદલાઈ ગઈ છે તો લગ્ન પછી સાવ જ બદલાઈ જશે અને છોકરાનાં મા-બાપ એવું વિચારશે કે જ્યારે આ છોકરી લગ્ન પહેલાં દિકરાને વશમાં કરી લીધો છે, તો લગ્ન પછી કોણ જાણે શું કરશે.

વેવિશાળથી લગ્ન સુધીનો સમયગાળો ખૂબ જ નાજુક હોય છે. એક તરફ જ્યાં તેને ×ગોલ્ડન પિરિયડ× કહે છે તો બીજી તરફ ખૂબ જ મુશ્કેલીભર્યો હોય છે. આ દરમિયાન દરેક છોકરીને સાચવીને ચાલવું પડે છે. આનો અર્થ એવો નથી કે તમે એવું વિચારવા લાગો કે વેવિશાળ કરવું જ ન જોઈએ. જરૂર કરો કારણ કે આ ગાળો સૌથી સુંદર સમય હોય છે. આ મજા ત્યારે વધી જાય છે. જ્યારે તમે સમજણ સાથે કામ કરો છો. બસ, તમારું સમતોલપણું જાળવી રાખો અને તમારા ભાવિ પતિના કુટુંબ સાથે તાલમેલ જાળવી રાખો. સાસરિયાં તરફનો ઝુકાવ સ્વાભાવિક છે, પરંતુ પોતાનાં માતાપિતા, ભાઈબહેનને ન ભુલી જશો. તમારા વિચારો, લાગણી, સમય અને પ્રેમ એ લગ્ન પછી સાસરિયાંમાં વ્યક્ત કરવાના જ છે, તો લગ્ન પહેલાં નહીં. જેથી તમારા ઘરના લોકો એવું ન કહી શકે કે તું તો અત્યારથી જ પારકી થઈ ગઈ.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..

## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા




ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

૧)ઋજુ અપૂર્વ શાહ

૨)સંગાર ગાયત્રી રમેશભાઈ ઉઠાર

૩ઋઘાર્મિક ડોડિયા

૪)ઋપ્રિશા શાહપદ્ય નેહા પારેખ

બાળ વિભાગ ઋપ્રિયાંશી"પાંખી"

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન એડમિન પેનલ? વિજેતા રચનાઓ નીચે મુજબ છે.

---

બાળ વિભાગ

વર્ષાઋતુ નો યાદગાર દિવસ

વર્ષાઋતુ, હાશ! કેટલી મજા આવે, વરસાદ બહાર પડતો હોય, 'ઝરમર ઝરમર', અંદર બારી પાસે આપણે બેસી વાંચતા વાંચતા ગરમ-ગરમ ચા પીએ, પ્રકૃતિ નું સૌંદર્ય માણીએ...!

...'આજ વરસે અષાઢીલી હેલી'...

આ વરસાદ તો ભાઈ બહુ મોજ કરાવે છે. એવા જ એક ભીના દિવસની આ વાત છે; હેલી ચડી હતી, નયનરમ્ય! હું, મારા માતા-પિતા સાથે બારી આગળ બેસી હતી. અમે કોફી પી રહ્યા હતા અને ગપ્પા મારી રહ્યા હતા. હેલી ધીમે-ધીમે વધી રહી હતી અને ભારે વર્ષાનુ રૂપ ધારણ કરી રહી હતી. પવન પણ જોર પકડી રહ્યો હતો; વૃક્ષો જાણે પરાણે ઊભા રહેવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કડડડકડાટ! વીજળીએ તો ગર્જના કરી. બીજી જ ક્ષણે, સામેના ઘરનું છાપરું પવનને સંગાથે ઉડ્યું! છાપરું તો ઘરની રક્ષા કરે છે; વસ્તુ કે વ્યક્તિની કીમત ત્યારેજ સમજાય જ્યારે ન રહે.

તે ઝુંપડામાં રહેવાવાળા અમારા મિત્ર હતા. તેઓને મદદ કરવી જ રહી. છાપરું બનાવતા તો આવડે નહીં, તેઓને અમારા ઘરે બોલાવ્યા અને જ્યા સુધી કારીગર ન આવે, ત્યાં સુધી તેઓને ઘરે બેસાડ્યા, ચા-નાશ્તો કરાવ્યો.

થોડી વારમાં કારીગર આવ્યાં, ભર વરસાદમાં છાપરું બનાવ્યું, કારીગરી લીધી અને જતાં રહ્યાં. અમારો મિત્ર-પરિવર સાચવીને ઘરે પહોંચ્યો. અમે પણ વરસાદમાં થોડી વાર પલળ્યા અને ઘરે પાછા ફર્યા.

બહુજ સંતોષ અનુભવ્યો, સહાય કરીને, અને માતા-પિતા સાથે નખશિખ પલળીને!!

ઋજુ અપૂર્વ શાહ ધોરણ - ૮

---

શીર્ષકઃ વર્ષાઋતુ નું એક પ્રસંગ

વિભાગઃ બાળ વિભાગ

એક વખતે હું મારા કામ માટે સુરત ગઈ હતી.વર્ષાઋતુ ચાલી રહી હતી.

મે એક હોટલ માં રહેવાનું વિચારીયું પણ કોઈ હોટલ માં જગ્યા ન હતી. એક હોટલમાં માંડ માંડ જગ્યા મળી પણ તે બહુ ખનેર જેવી જુની હતી. અને ત્યા ઘણા લોકો પણ ન હતા. જાણે ભૂત બંગલો

તે રાત્રે અષાઢી બીજ ની રાત ધોધમાંર મેઘરાજા પધાર્યા હતા. વીજળીના ચમકાળા અને પવન ફુકાતુ હતું જાણે વાવાઝોડુ આવ્યું. હુ ત્યારે પ્રેતઆત્મા ટી.વી માં જોઈને ટી.વી બંદ કરી કે અચાનક લાઇટ ચાલી ગઇ હું બહુ ગભરાઇ ગઇ વરસાદ ચાલુ હતુ ને પવન બહું ફુકાતું હતું કે અચાનક કાંઇક અવાજ આવ્યું એ અવાજ અદ્ભુત લાગ્યું.અવાજ સાંભળતાં જ ખુણામાં લપાઈ ગઈ. ગભરામણ પસીનાથી રેબઝેબ થઈ ગઈ.

જેમ અવાજ તો મારી બાજુ નજીક આવતો હતો. તેમ મારા ધબકારા વધવા લાગ્યાં. મારી પાસે કોઈ રસ્તો જ ન હતો. હું જોર જોરથી હનુમાન ચાલીસા બોલવા લાગી ,"જય હનુમાન જ્ઞાન ગુણ સાગર..... "

કે અચાનક એક માણસે હસતાં હસતાં કીધુ મેમ ચા લેસો, મને તરત ખ્યાલ આવ્યો આ તો વેઈટર.... "ખોડ્યો ડુગર અને નિકળ્યો ઉંદર " હુ જેના થી ડરતી હતી તે એક વેટર હતો.અને લાઇટ ગઈ ન હતી પણ ટી.વી ના બટન સાથે લાઈટનો બટન પણ દબાઈ ગયો હતો.

આ સૌથી ડરામણું અને હાસ્યાસ્પદ વર્ષાઋતુ નું આ પ્રસંગ ક્યારે નઈ ભૂલું.

સંગાર ગાયત્રી રમેશ ભાઈ (ઉઠાર)
ધોરણ ૧૦ ગામઃ નાના રતડિયા

---

વિભાગ : પદ્ય

શીર્ષકઃ મેઘ

मेघ आए खुशियाँ लेकर,
साथ ठंडी बयार लाए ।
मेघ आए खुशियाँ लेकर,
पेड़ झुक कर करे प्रणाम ।
मेघ आए खुशियाँ लेकर,
पक्षियों ने उत्साह से किया उनका स्वागत ।
मेघ आए खुशियाँ लेकर,
साथ लिए अन्न दाता का सुकून, सुख और वैभव ।
मेघ आए खुशियाँ लेकर,
साथ लाए एक हाथ में गरमा - गरम चाय
और पकौड़े ,ओर दुसरे हाथ में किताब पढने
की इच्छा लिए ।

नामः Neha Parekh
उमरः १८ शहर :Mumbai

---

ન્યૂઝ ઓફ ગાંધીનગર

બાળવિભાગ

વર્ષારાણી આવે, મેઘરાજાને લાવે.
આકાશમાંથી વાદળ વરસે,ધરતીમાતાને ભીંજાવે.
મોસમના પહેલાં વરસાદમાં ભીંજાવાનો આનંદ આવે,
મમ્મી ગરમાગરમ ભજીયાંનો નાસ્તો કરાવે.
કાગળની હોડીઓ ભૂલકાંઓ પાણીમાં તરાવે,
નાના નાના ખાબોચિયામાં કૂદાકૂદ મચાવે.
બારીના કાચ પર વરસાદના ટીપાં બાઝે,
વાદળોના ગડગડાટ સાથે વીજળી પણ ગાજે.
મારી પ્રિય વર્ષાઋતુ છે અનોખી,
ખૂબ પ્રેમથી કહે મને, ચાલ ભીંજાય જા "પાખી"

પ્રિયાંશી શાહ "પાખી" ધોરણ - ૭

---

વિભાગઃ બાળ વિભાગ

શિર્ષકઃ વર્ષાઋતુ નો યાદગાર દિવસ★

તે દિવસે મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો. થોડાક સમયમાં વાતાવરણ ઠંડુ થઈ ગયું. માટે અમને શાળાથી વહેલા રજા દેવામાં આવી હતી. મારી પાસે છત્રી કે રેઇનકોટ ન હતાં.દફ્તરમાંના બધા ચોપડા ભીના થઈ ગયા હતાં. કલાક બસ સ્ટોપ પર કોઈ બસ નહોતી આવી. સતત વરસાદ વરસતો હતો. મેં કોઈક ના ફોનથી ઘરે ફોન કરવાની કોશીશ કરી પણ કોશિશ અસફળ થઈ.

થોડાક સમય પછી મેં ઘરે ચાલીને જવાનું નક્કી કર્યું. મારી સાથે બે મિત્રો પણ હતાં. ઘુંટણ સુધી પાણી આવતુ હતું. વરસાદને કારણે રસ્તા પરની અમુક લાઇટો બંધ થઇ ગઇ હતી.અમે ચાલતા ઘરે જવાનુ નક્કી કર્યા બાદ થોડાક આગળ જતાની સાથેજ મને એક બસ દેખાણી પરંતુ એમાં ઊભા રહેવાની પણ જગ્યા નહોતી અને અમે તેમાં ચઢી ન શક્યા. હું વરસાદમાં આખો ભીંજાઈ ગયો હતો.

અમે લોકો બહુજ થાકી ગયા હતા માટે થોડીક વાર આરામ કરવા માટે એક ઉંચા ઓટલા પર બેસી ગયા. હવે વરસાદ થોડો ધીમો પડ્યો હતો. અમે ફરી ચાલવાનું શુ કર્યું. મારામાં હવે વધારે ચાલવાની શક્તિ નહતી. આગળનો રસ્તામાં પાણી ભરાયું હતું. બધી ગાડીઓ ફસાઇ ગઈ હતી. અમને બીજા રસ્તેથી જવું પડ્યું હતું. ત્યા અમને લેવા માટે ઘરના સામા આવતા દેખાતા અમને હોશ આવ્યું અને અમે છેવટે ઘરે પહોંચી ગયા. ને મેં પહેલું કામ શિક્ષકને પહોંચ્યાની જાણ કરી. આ દિવસ નહીં ભુલી શકાય.

ધાર્મિક ડોડિયા (જંદ્ધ ૧૦)

---

વિભાગ : બાળ વિભાગ

શિર્ષક : વર્ષાઋતુ નો યાદગાર દિવસ

એ દિવસે અમે સ્કૂલ પિકનિક પર તિૃપતિ વન ગયા હતા. અમે ખૂબ મજા કરી. જમ્યા પછી ખૂબ પવન સાથે વરસાદ ચાલુ થયો.

અમે ઘરે જવા બસમાં નીકળ્યા ત્યારે ચારે બાજુ પાણી વધવા માંડ્યું હતું. અમને ખુબજ બીક લાગતી હતી.

થોડે આગળ ગયા ત્યાં પોલીસ ઉભી હતી. તેમને કહ્યું ," આગળ જવાય એવું નથી , નજીકજ પોલીસસ્ટેશન ત્યાં તમે જાવ . પાણી ઉતરી જાય પછી તમે જજો".

પાંચ કલાક સુધી અમે પોલીસસ્ટેશને બેઠા. ત્યાં અમને ગરમ ચા અને બિસ્કિટ આપ્યા. વરસાદ બંધ થયો પછી અમે નીકળ્યા.

ખરેખર એ દિવસ હું ભૂલી નહીં શકું .જો એ દિવસે પોલીસે અમને મદદ ન કરી હોત તો શું થાત?.

મારા શતશત નમન છે પોલીસને. એ દિવસે પણ અને આજના દિવસે પણ પોલીસ આપણને મદદ કરવા હંમેશા તૈયાર રહે છે.

લેખક : પ્રિશા શાહ ધોરણ : ૯

# રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે પ્રવેશથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીના વાલીઓ ફરિયાદ કે રજૂઆત કરી શકશે

## સુપ્રિમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિની સુચના અનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં RTE પ્રવેશ પ્રક્રિયા અન્વયે તા. ૧૫ જુલાઈ સુધી કરી શકાશે રજૂઆત

માહિતી બ્યુરો, પાટણ

રાજ્ય સરકાર દ્વારા ધ રાઈટ ઑફ ચિલ્ડ્રન ટુ ફ્રિ એન્ડ કંપલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ હેઠળ બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં વિનામુલ્યે પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પ્રક્રિયામાં વંચિત રહી ગયેલ વિદ્યાર્થીના વાલીઓ ઑનલાઈન રજૂઆત કે ફરિયાદ કરી શકશે.

ધ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કંપલસરી એજયુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨(૧)ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫% મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રચવામાં આવેલી સમિતિ દ્વારા આપવામાં આવેલી સુચના અનુસાર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રવેશ પ્રક્રિયામાં વંચિત રહેલ વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા જો કોઈ ફરિયાદ કે રજૂઆત હોય તો એનેક્ષર-એ મુજબના નિયત નમૂનાની નોટરાઈઝ?ડ સોગંદનામાની નકલ ઈ-મેઈલ દ્વારા મંગાવવામાં આવી છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ની RTE પ્રવેશ પ્રકિયા સંદર્ભે ઓનલાઈન ફોર્મ ભરેલ હોય અને પ્રવેશથી વંચિત રહેલ કોઈ બાળકના વાલી http://gujrateducation.gov.in/primary/ અને http://rte.orpgujarat.com પરથી ફરિયાદ કરવા અંગેનો નમુનો (ANNEXUR-A) પ્રિન્ટ મેળવી તેમાં માંગ્યા મુજબની તમામ જરૂરી વિગતો ભરી નોટરીરાઈઝ્ડ સોગંદનામું કરાવવાનું રહેશે. ત્યારબાદ તા.૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં આ નકલનો ફોટો અથવા તો તેના PDF ફોર્મેટમાં dd-pri-rte@gujarat.gov.in પર ઈ મેલ કરી ફરિયાદ કે રજૂઆત મોકલી આપવાની રહેશે.

# ૨૪ કલાકમાં ગુજરાતના ૧૫૪ તાલુકામાં ધોધમાર વરસાદ, ૭ જિલ્લાના ૯૦ રસ્તા બંધ

ગાંધીનગર,તા.૮

રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૪ તાલુકામાં વરસાદ નોંધ્યા બાદ વરસાદનું જોર ધીમું પડ્યું છે. રાજ્યમાં આજે સવારે ૭ વાગ્યા બાદ ૧૫૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ વરસાદ જુનાગઢ ના માળિયામાં ૧ ઈંચ વરસાદ પડ્યો છે. જૂનાગઢના ત્રણ જિલ્લાઓમાં વરસાદ જોવા મળ્યો છે. બાકીના તાલુકાઓમાં સામાન્ય વરસાદ ખાબક્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકાના તમામ તાલુકાઓમાં ભારે વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેવભૂમિ દ્વારકાના ચાર તાલુકાઓમાં ૮ ઈંચ કરતા વધારે વરસાદ ખાબક્યો છે. દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં સૌથી વધુ ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. તો કલ્યાણપુરમાં પોણા ૧૨ ઈંચ વરસાદ અને દ્વારકામાં ૨૫ ઈંચ વરસાદ, ભાણવડમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેઘરાજાએ વિરામ લીધો છે. છેલ્લા બે કલાકથી કોઈ પણ તાલુકામાં વરસાદના સમાચાર નથી આવ્યા. અનેક માર્ગો પરથી પાણી ઉતરવાના શરૂ થયા છે. મેઘરાજાએ વિરામ લેતા રાવલ પંથકમાં પણ પાણી ઓસરવાના શરૂ થયા છે. જો મેઘરાજા ખમૈયા કરે તો ફરી જન જીવન ધબકતું થશે. પરંતુ જિલ્લામાં સૂસવાટા મારતા પવનની માત્રા યથાવત છે.અરવલ્લીમાં પ્રથમ વરસાદમાં જિલ્લાના હાઈવે રસ્તાઓ તૂટ્યા છે. માલપુર ચાર રસ્તા ઉપર રોડમાં એક એક ફૂટના ખાડા પડ્યા છે. ગોધરા તરફ જતા આ મુખ્ય રસ્તામાં ખાડા પાડતા વાહન ચાલકો પરેશાન થયા છે. રોડમાં પડેલા ખાડાથી અકસ્માત થવાની ભીતિથી વાહન ચાલકોમાં ડર વ્યાપી ગયો છે. એલએન્ડટી દ્વારા થોડા સમય અગાઉ જ રીપેરિંગ કરાયું હતું. પરંતુ પ્રથમ વરસાદમાં રોડ તૂટતા માલપુરના સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે.

અમરેલીમાં રાજુલા અને જાફરાબાદ વિસ્તારનો જીવાદોરી સમો ધાતરવડી-૧ ડેમ ઓવરફ્લો થયો છે. ડેમ ઓવરફ્લો થતા રાજુલા શહેર ભાજપ દ્વારા આજે નવા નીરના વધામણાં કરવામા આવ્યા હતા. રાજુલાના અગ્રણી રવુભાઈ ખુમાણ દ્વારા ધાતરવડી ડેમમાં ચુંદડી, ચોખા, ફૂલ અને નાળિયેર પધરાવવામાં આવ્યું છે. આસપાસના ૨૦ ગામોને ખેતી અને પીવાનું પાણી પૂરું પાડતો આ ડેમ ઓવરફ્લો થતા લોકોમાં ખુશી છવાઈ છે. છેલ્લા ત્રણેક દિવસથી રાજ્યમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ભારે વરસાદના પગલે રાજ્યના ૭ જિલ્લાના કુલ ૯૦ રસ્તા બ્લોક થયા છે. જેમાં સૌથી વધુ ૩૪ રસ્તા દેવભૂમિ દ્વારકાના છે.

# અમદાવાદ-ગાંધીનગરના અનેક વિસ્તારોમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ

અમદાવાદ/ગાંધીનગર,તા.૮

સૌરાષ્ટ્રમાં જયારે અનરાધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે આજે મેહુલિયાનું ગાજવીજ સાથે અમદાવાદામાં પણ આગમન થઈ ગયું છે. હાલ શહેરમાં અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. અમદાવાદીઓને ઘણી રાહ જોયા બાદ બફારાથી છૂટકારો મળ્યો છે અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. શહેરનાં શ્યામલ, વેજલપુર, શિવરંજની, સેટેલાઇટ, જીવરાજપાર્ક, પાલડી, વાસણા, સરખેજ, બોપલ, ઘુમા, આરટીઓ, આશ્રમરોડ સહિત અનેક વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે.

અમદાવાદ જિલ્લામાં અત્યાર સુધી ૬.૪૯ ઈંચ વરસાદ પડયો છે. જેમાં અમદાવાદ શહેરમાં ૮.૯૩ વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે, અમદાવાદમાં છૂટાછવાયા ઝાપટાં પડવાની શક્યતા દર્શાવાઈ હતી.

## મહેસાણા જિલ્લા ના બેચરાજીમાં ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં કૌભાંડ બાબતે.

# ગામલોકોએ કલેક્ટરશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

ધ્રુવ દવે

બેચરાજી માં આવેલ એદલા ગામમાં ગ્રામ પંચાયત દ્વારા સરકાર શ્રી તરફથી મળતી યોજનાઓના કામોમાં વિકાસના કમ્મોમાં કૌભાંડ બાબતે એદલા ગામના લોકોએ બેચરાજીમાં તાલુકા વિકાસ અધિકારી શ્રી ને આવેદનપત્ર આપ્યું હતું તેમાં જણાવ્યું હતું કે અમારા ગામમાં સરકાર શ્રી તરફથી વિકાસના કામમાં સહાય ચૂકવવામાં આવે છે મનરેગા યોજના હેઠળ મળેલ ૧૫,૦૦,૦૦૦ અંદાજે ૧૫ લાખ પુરાની સહાય મળેલ હતી તેમાં સરપંચ ,તલાટી,સભ્યોએ એક રૂપિયાનું પણ કામ કરેલ નથી અને



પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરપંચ દ્વારા પોતાના ઓળખીતા ને ૧૫ જેટલા મકાન પાસ કરાવી લાગવગ કરી હતી અને ગ્રામ પંચાયતની જગ્યામાં ઈંટ નો ભઠો બનાવેલ છે જેમાં ૪,૦૦,૦૦૦ ( ૪ લાખ ) નો કરાર કરેલ હતો જેમાં સરપંચ અને સભ્ય બન્ને ૪૦૦૦ જેટલી ઈંટો પોતાના ઘરે લઈ ગયેલ છે અને ગ્રામ પંચાયત માટે ઉપયોગમાં પણ લીધેલ નથી તેવું આવેદનપત્રમાં જણાવેલ હતું અને તે કલેક્ટર શ્રી તથા તાલુકા વિકાસ અધિકારી શ્રી ને સુપરત કરવામાં આવ્યું

### અરવલ્લીમાં કોરોનાનો આંક ૨૫૦ને પાર

# જિલ્લાના ૩૨૦૬ ઘરના ૧૫૭૫૭ લોકોનો ડોર ટુ ડોર સરવે હાથ ધરાયો




અરવલ્લી જિલ્લામાં કોરોના પોઝિટિવનો ૨૫૦ને પાર પંહોચતા અરવલ્લી જિલ્લા આરોગ્ય અને વહિવટીતંત્રતં દ્વારા આ વિસ્તારને કન્ટેનટમેનટ ઝોન જાહેર કરી હાઉસ ટુ હાઉસ સર્વે હાથ ધર્યો છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ વધતા આરોગ્ય વિભાગ દ્વારા નિયંત્રણ વિસ્તારમાં જઇ ને મેડિકલ ઓફિસર, સુપરવાઇઝર અને ૧વધુ ફિમેલ હેલ્થ અને આશા વર્કર મળી કુલ-૮૬ ટીમ બનાવવામાં આવી છે, જે જેઓ જિલ્લાના ૩૨૦૬ ઘરના ૧૫૭૫૭ વધુ લોકોના ડોર ટુ ડોર સર્વે હાથ ધર્યો છે, કન્ટેઇનમેન્ટ વિસ્તારમાં આગામી ૨૮ દિવસ સુધી સળંગ હાથ ધરવામાં આવનાર સરવે દરમ્યાન શરદી, ખાંસી અને તાવ ધરાવતા લોકોને અલગથી તારવવામાં આવશે. આ ઉપરાંત મોડાસા શહેમાં પણ કોરોનાનો વ્યાપ વધતા કોરોનાનો આંક ૧૨૦ને પાર પંહોચી ગયો છે. જેને લઇ આરોગ્ય વિભાગ દ્વારા શહેરને ચાર ઝોનમાં વિભાજન કરી ૪૯ ટીમો દ્વારા ૧૮૩૨ ઘરોના ૯૫૭૫ લોકોનો સર્વે હાથ ધર્યો છે.

જિલ્લામાં હાલમાં વાત્રક કોવિડ હોસ્પિટલ ૦૮ તેમજ મોડાસા સાર્વજનિક હોસ્પિટલ ૨૨ પોઝીટીવ દર્દીને સારવાર હેઠળ છે.તેમજ અરવલ્લી જિલ્લા ના ૦૪ પોઝીટીવ કેસ હિમતનગર સીવીલ હોસ્પિટલમાં ,અમદાવાદની હોસ્પિટલમાં ૦૩ તેમજ ગાંધીનગરની હોસ્પિટલમાં એક દર્દી સારવાર હેઠળ છે. આમ જિલ્લામાં હાઇ કુલ ૩૮ કોરોના પોઝીટીવ દર્દી સારવાર હેઠળ છે.

જયારે સોમવારના સાંજે મોડાસા સાર્વજનિક હોસ્પિટલ મોડાસામાંથી કુલ ૦૫ પોઝીટીવ દર્દીની સારવાર પૂર્ણ થતાં રજા આપવામાં આવી છે.

### મંત્રી રમણલાલ પાટકરને કોરોના પોઝેટીવ થતા અરવલ્લીમાં હડકંપ

# ૩૦ જૂને અરવલ્લી આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં ઉપસ્થિત હોવાથી ભયનો માહોલ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસ-રાત વધી રહ્યું છે કોરોના પોઝેટીવ દર્દીઓની સંખ્યા ૨૫૦ ને પાર કરી ચુકી છે મોડાસા શહેરમાં વધુ ત્રણ કોરોના પોઝેટીવ કેસ સાથે જીલ્લામાં કોરોનાનો આંક ૨૫૬ પર પહોંચ્યો છે અરવલ્લી જીલ્લા કલેક્ટર કચેરી ખાતે ૩૦ જૂને અરવલ્લી જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી તેના થોડા દિવસો બાદ મંત્રી કોરોનામાં સપડાતા બેઠકમાં ઉપસ્થીત અરવલ્લી જીલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ ફફડાટ ફેલાયો છે હાલ તો જીલ્લા પ્રશાસન તંત્રને કોરન્ટાઈન થવું પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે રાજય મંત્રી રમણલાલ પાટકરે બીજેપીના અગ્રણીઓ અને કાર્યકરો અને મુલાકાતીઓ સાથે પણ સંવાદ કર્યો હોવાથી ભયનો માહોલ જોવા મળી રહ્યો છે આરોગ્ય તંત્રએ બેઠકમાં ઉપસ્થિત અને મંત્રીના સંપર્કમાં આવેલા લોકોની યાદી મેળવવા અને કોરન્ટાઈન કરવા કામગીરી હાથધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી મંત્રી રમણલાલ પાટકર મોડાસા બેઠક બાદ કૉરોના સંક્રમિત થતા મોડાસામાંથી તો ચેપ નહિ લાગ્યો હોય ને જેવા સવાલ પેદા થઈ રહ્યા છે . ૩૦ જૂને જીલ્લા કલેક્ટર કચેરી સભાખંડમાં જિલ્લા પ્રભારી તથા આદિજાતિ અને વન રાજય મંત્રી રમણલાલ પાટકરની ઉપસ્થિતિમાં યોજાઈ હતી આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હંસાબેન પરમાર, ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ.અનિલ જોષીયારા, અરવલ્લી કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જીલ્લા પોલીસ વડા મયુર પાટીલ,

જિલ્લા વિકાસ અધિકારી, ડૉ.અનિલ ધામેલીયા, અધિક કલેકટર આર.જે.વલવી, પ્રાયોજના અધિકારી મુનિયા, જીલ્લા પંચાયત સદશ્યો

બીજેપી જીલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, અન્ય સંલગ્ન કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા બેઠક પૂર્ણ કર્યા બાદ બીજેપી પક્ષના કેટલાક અગ્રણીઓ અને કાર્યકરો સાથે પણ મુલાકાત કરી હતી મંત્રી રમણલાલ પાટકરની બેઠકના થોડા દિવસો પછી તબિયત લથડતાં કોરોનાનો ટેસ્ટ કરાવતા કોરોના પોઝેટીવ આવતા મંત્રીને સારવાર અર્થે અમદાવાદ યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાના સમાચાર વહેતા થતાની સાથે બેઠકમાં ઉપસ્થિત રહેલા અધિકારીઓ અને પદાધિકારીઓમાં અને મુલાકાત કરનાર તમામ લોકોમાં ફફડાટ ફેલાયો છે હાલ આરોગ્ય તંત્રએ બેઠકમાં ઉપસ્થિત રહેલા અને સંપર્કમા આવેલા અધિકારીઓ અને પદાધિકારીઓ અને લોકોની યાદી મેળવવા તજવીજ હાથધરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

### શિક્ષક સંઘ ના હોદ્દેદારો શિક્ષણ જગત માટે આચાર્યુ ભ્રષ્ટાચારનું કૃત્ય

# કપરાડા અને ધરમપુર તાલુકામાં પ્રાથમિક શિક્ષકોના કામમાં બાબતે ઉઘરાણીમાં તફાવત કેમ

સતિષ પટેલ
બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાના પ્રાથમિક શિક્ષકોની સળંગ સિનિયોરોટી સર્વિસ બુકના અપડેટેશનનું કામ કરવામાં માટે કામ કરવા માટે

તાલુકાના સંઘના હોદ્દેદારોએ શાળા ના શિક્ષકો પાસે વચેટીયા શિક્ષકો મારફત જે ઉઘરાણી ધરમપુર માં ૧૫૦૦ અને કપરાડા ૨૫૦૦ રૂપિયા એમ તફાવતને લઈ શિક્ષકો માં ભારે ચર્ચાઓ થઈ રહી છે.

પ્રાથમિક શિક્ષકો વર્ષોથી ફરજ બજાવતા હોઈ છે. ફરજ બજાવ્યા બાદ કામ કરવાના રુપિયા આપ્યા તેમ છતા નાણાકીય લાભ મળી રહ્યો નથી.

ઉચ્ચતર પગાર ધોરણની રાહ જોઈ રહ્યા છે. કપરાડા અને ધરમપુર તાલુકાના પ્રાથમિક શિક્ષકો કયા સુધી રાહ જોવાની એ હવે વહીવટી તંત્ર દ્વારા કેમ યોગ્ય તપાસ કરવામાં આવતી નથી. શિક્ષકોની સળંગ સિનિયોરોટી અપડેટેશનનું દોઢ વર્ષથી અટવાયું છે. કપરાડા અને તાલુકાના શિક્ષકો પાસેથી છેલ્લા દોઢ વર્ષમાં કામગીરીના નામે લાખ્ખો રૂપિયા ના ઉધરાણી કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષકો પાસે અવાર નવાર રૂપિયા ઉધરાવીને ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યા ની માહિતી મળી રહી છે . જો કે કેટલાક શિક્ષકો પાસે ૭માં પગાર પંચના સ્ટીકર ,એરિયસ, ઈજાફો ચઢવવા,રજા ચઢાવવા,વય નિવૃતિના લાભ પેન્શન કેસ,ફેમેલી પેન્શન, રાજ્ય વીમાનો લાભ કોઈ ને કોઈ પ્રકાર ના બહાનાહેઠળ સરકાર દ્વારા અપાતા લાભ અને તેનું કામ પુરુ કરવાનું નક્કી જબરદસ્તી રૂપિયા પડાવવા માં આવે એવી માહિતી મળી રહીછે. વંચિત કિસ્સાઓ પણ સામે આવ્યા છે.વલસાડ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી યોગ્ય તપાસ હાથ ધરાશે કે ? કે પછી સંઘના હોદ્દેદારો મનમાની સામે લાચાર કેમ ?

# ધારપુર કોવીડ હોસ્પિટલમાં એલઈડી સ્ક્રીન મુકવા ધારાસભ્ય ચંદનજી ઠાકોરની તંત્રને રજૂઆત



ધ્રુવ દવે.સિદ્ધપુર

ગુજરાત સહિત પાટણ જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે ત્યારે સિદ્ધપુર ના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે મુખ્યમંત્રી ને કોરોના વોર્ડનું હોસ્પિટલ માં એલઇડી સ્ક્રીન પર જીવંત પ્રસારણ તેમજ કોરોના માટે જરૂરી ઈન્જેકશન પુરા પાડવા રજુઆત કરી હતી.

કોરોના માટે જરૂરી ઈન્જેકશન અને કોરોના વોર્ડનું હોસ્પિટલ માં એલઇડી માં જીવંત પ્રસારણ કરવા સિધ્ધપુર ના ધારાસભ્યની મુખ્યમંત્રીને રજૂઆત

પાટણ જિલ્લા માં કોરોના પોજીટીવ દર્દીઓમાં સતત વધારો થતો જઈ રહ્યો છે તેમજ જિલ્લામાં મૃત્યુ માં પણ વધારો થઈ રહ્યો છે ત્યારે સિધ્ધપુર ના ધારાસભ્ય ચંદનજી ઠાકોરે મુખ્યમંત્રી ને લેખિત રજૂઆત કરતા જણાવેલ કે ગુજરાત માં કોરોના દર્દીઓ માટે વેન્ટિલેટર સફળ થયા નથી. તેમજ કોરોના માટે કેટલાક ઈન્જેકશન સફળ રહ્યા છે. જે આવા ઉપચાર વાળા ઈન્જેકશન તમામ સરકારી હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તેમજ આવા ઈન્જેકશન નો કાળો કારોબાર રોકવો જોઈએ. તેમજ કોરોના પોઝિટિવ આવેલા દર્દીના પરિવારને સંક્રર્મણ ના ડરથી તે દર્દીને સ્થિતિ તેમજ તેને મળી શકાતું નથી.

સરકારી હોસ્પિટલમાં સીસીટીવી કેમેરા તેમજ એલઇડી સ્ક્રીન પણ છે જે કોરોના વોર્ડનું સીસીટીવી ના માધ્યમથી એલઇડી સ્ક્રીન પર જીવંત પ્રસારણ હોસ્પિટલ ના વેટીંગ રૂમમાં કરવામાં આવે તો કોરોના દર્દીના પરિવારને તેની સ્થિતિ અંગે જાણી શકે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# દાહોદમાં કોરોનાના બે દર્દીઓને રજા અપાઈ



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૭ : દાહોદ જિલ્લામાં આજે વધુ બે કોરોના સંક્રમિત વ્યક્તિઓ સંપૂર્ણ સાજા થઇ જતા ઝાયડસ સીવીલ હોસ્પીટલ ખાતેથી રજા આપવામાં આવી છે. દેવગઢબારીયાના રહીશ ૪૦ વર્ષીય મુકેશભાઇ નાથાણી અને ૩૫ વર્ષના દક્ષાબેન નાથાણીનો તા. ૨૭ જુનના રોજ કોરોના પોઝિટિવનો રીપોર્ટ આવ્યો હતો. દાહોદની ઝાયડસ સીવીલ હોસ્પીટલમાં દસેક દિવસની સઘન સારવાર બાદ આજ રોજ તેમને હોસ્પીટલ સ્ટાફ દ્વારા શુભેચ્છાઓ સાથે રજા આપવામાં આવી હતી.

દાહોદ જિલ્લામાં કુલ પોઝિટિવ કેસોની સંખ્યા ૭૯ થઇ છે. જયારે કોવીડ ૧૯ ના સક્રિય કેસોની સંખ્યા ૨૬ થયા છે.

# કેશોદના અખોદડ ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સદસ્ય સસ્પેન્ડ

કેશોદ : (રાજુભાઈ પંડ્યા)

સરપંચ કાંતાબેન ભીખનભાઇ ભેડા તેમજ સદસ્ય સોનલબેન દેવાયતભાઇ નંદાણિયા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.અખોદર ગ્રામ પંચાયતના સરપંચે તેમની વિરૂધ્ધની દરખાસ્તમાં ૧૫ દિવસ બેઠક ન બોલાવતા તાલુકા વિકાસ અધિકારીએ બેઠક બોલાવી હતી જેમાં અખોદર ગ્રામ પંચાયતના સદસ્યો ની હાજરીમાં અવિશ્વાસની દરખાસ્ત નું ચર્ચા વિચારણા કરી મતદાન કરવામાં આવ્યું હતું. ટીડીઓએ બોલાવેલી બેઠકમાં ૧ વિરૂધ્ધ ૭ થી મતદાન થતાં સરપંચ ગેરલાયક ઠર્યા છે.ટીડીઓની અન્ય કાર્યવાહીમાં આજ ગ્રામ પંચાયતના સદસ્યને ૩ બાળકો હોય તેથી તેમની વિરૂધ્ધ કાર્યવાહીમાં સદસ્યને પણ ડિસક્વોલીફાઇડ કરાયા છે.એક જ ગામના સરપંચ અને સદસ્યને જુદા જુદા કારણો હેઠળ સસ્પેન્ડ કરાતાં રાજકિય ઉથલ પાથલ મચી ગયેલ છે. આવનારાં દિવસોમાં જ્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે કેશોદ તાલુકાના અખોદર ગામની બે બેઠક ની ચુંટણી મહત્વની બની રહેશે.

# જિલ્લામાં સતત ત્રીજા દિવસે ૨,૧૮૬ લોકો પાસેથી માસ્ક ન પહેરવા બદલ રૂ.૪,૩૭,૨૦૦નો દંડ વસૂલવામાં આવ્યો

માહિતી બ્યુરો, પાટણ

જિલ્લા વહિવટી તંત્ર દ્વારા જાહેર સ્થળોએ ફરજીયાત માસ્ક પહેરવાના જાહેરનામાનો ભંગ કરનાર લોકો પાસેથી દંડ વસૂલવાની ઝૂંબેશરૂપે હાથ ધરવામાં આવેલી કામગીરીના ત્રીજા દિવસે ૨,૧૮૬ લોકો પાસેથી રૂ.૪.૩૭ લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. કોરોના વાયરસના લોકલ ટ્રાન્સમિશનના કારણે દિવસેને દિવસે કોવિડ-૧૯ના કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા ફરજીયાત માસ્ક પહેરવાના જાહેરનામાના સુચારૂ અમલીકરણ માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરૂ કરી છે. જિલ્લાની તમામ નગરપાલિકાઓ, પંચાયત વિભાગ અને પોલીસ વિભાગ દ્વારા માસ્ક વગર ફરતા લોકો પાસેથી ઝુંબેશરૂપે હાથ ધરવામાં આવેલી દંડ વસૂલવાની કામગીરીના ભાગરૂપે તા.૦૮ જુલાઈના રોજ નગરપાલિકાઓ દ્વારા ૧૩૧ વ્યક્તિઓ પાસેથી રૂ.૨૬,૨૦૦/-, ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયત વિભાગ દ્વારા ૫૪ વ્યક્તિઓ પાસેથી રૂ.૧૦,૮૦૦/- તથા પોલીસ વિભાગ દ્વારા સૌથી વધુ ૨,૦૦૧ વ્યક્તિઓ પાસેથી રૂ.૪,૩૭,૨૦૦ જેટલો દંડ વસુલ કરવામાં આવ્યો છે.જિલ્લા કલેક્ટરશ્રી આનંદ પટેલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યા બાદ, નાગરીકોને જાહેર સ્વાસ્થ્યને લગતી બાબતને સામાજીક જવાબદારીરૂપે સ્વિકારી બહાર નિકળતી વખતે ફરજીયાત માસ્ક પહેરવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. તેમ છતાં માસ્ક ન પહેરી નિયમનો ભંગ કરનાર જિલ્લાના ૧૮,૪૭૬ લોકો પાસેથી રૂ.૩૬.૯૫ લાખ કરતાં વધુનો દંડ અત્યાર સુધીમાં વસૂલ કરવામાં આવ્યો છે.

# દેશી ગાયના નિભાવ માટે સરકારી સહાય મેળવવા ઓનલાઇન અરજી કરવા સૂચના

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૮ : દાહોદ જિલ્લાના એગ્રીકલ્ચર ટેકનોલોજી મેનેજમેન્ટ એજન્સી (આત્મા) ના પ્રોજેક્ટ ડાયરેક્ટરે એક અખબારી યાદીમાં જણાવ્યુંછે કે, જે ખેડૂત લાભાર્થી પાસે દેશી ગાય હોય, પ્રાકૃતિક કૃષિની તાલીમ લીધેલ હોય અને દેશી ગાયના છાણ-મૂત્રથી પ્રાકૃતિક ખેતી કરતા હોય તેવા નમૂના નંબર ૮-અ મુજબ કોઇ એક જ લાભાર્થીને દેશી ગાય નિભાવ ખર્ચ પેટે રૂ. ૯૦૦ પ્રતિ માસ સહાય મળવા પાત્ર થશે. આ યોજના હેઠળ દેશી ગાય સિવાય અન્ય કોઇ પણ જાતોની ગાયને લાભ મળવાપાત્ર નથી.

તેમજ પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને જીવામૃત, બીજામૃત, નીમાસ્ત્ર, દશપર્ણી દવા વગેરે બનાવવા માટેની કિટ ખરીદી કરવા માટે રૂ. ૧૩૫૦ ની મહત્તમ મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે. તેમની અરજી કરવા માટે ખેડૂતોને આઇ ખેડૂત પોર્ટલ પર તા. ૧૫/૦૮/૨૦૨૦ સુધીમાં ઓનલાઇન અરજી કરી તેની પ્રિન્ટ મેળવી અરજદારે તેની ઉપર સહી કે અંગૂઠો કરી જરૂરી સાધનિક કાગળો જેવા કે ૮-અ ની નકલ સંયુક્ત ખાતેદાર હોય તો અન્ય ખાતેદારનું સંમતિપત્રક તેમજ બેંક પાસબુકની નકલ કે રદ કરેલ ચેક સાથે જે તે ગામના ગ્રામ સેવક, આત્મા તાલુકાના સ્ટાફ કે જિલ્લા કક્ષાએ ખેડૂત તાલીમ કેન્દ્ર, દાહોદ ખાતે જવાનું રહેશે.

### માલપુર નગરના પ્રવેશદ્વારે ખાડારાજ થી લોકોમાં ભારે રોષ

# શામળાજી-ગોધરા સ્ટેટ હાઈવે ખાડા માર્ગમાં ફેરવાતા વાહનચાલકોમાં આક્રોશ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ -૨૭ પર માલપુર નગર માંથી પસાર થતા હાઈવે પર મસમોટા ખાડાઓ પડી જતા માલપુરના પ્રજાજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે માલપુર નગરના નાના-મોટા વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે રોડ પર પડેલા ખાડાઓના લીધે અકસ્માતનો ભોગ બનતા વાહનચાલકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે

શામળાજી થી માલપુર-ગોધરા સુધીના રોડ પર પડેલા ખાડાઓ પુરવામાં નં આવતા ડિસ્કો રોડથી વાહન ચાલકો તોબા પોકારી ઉઠ્યા છે હજુ તો વરસાદ ખાબક્યો નથી ત્યાં શામળાજી થી માલપુર-ગોધરા સુધીનો સ્ટેટ હાઈવે અનેક જગ્યાએ ધોવાઇ ગયો છે. જેને લઈ વારંવાર અકસ્માત સર્જાતા છે. આ સાથે વાહનો પણ ખરાબ થતાં હોઈ ચાલકોને મુસાફરી દરમ્યાન સંઘર્ષ કરવો પડે છે. સોશ્યલ મીડિયામાં સ્ટેટ હાઇવે રીપેર કરવામાં આવેની માંગ પ્રબળ બની છે માલપુર નગરના પ્રવેશદ્વારે પડેલા મસમોટા ખાડાઓ થી વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે વાહનચાલકો અને રાહદારીઓને માથે અકસ્માતનો ભય મંડરાતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે ઉલ્લેખનીય છે કે, સ્ટેટ હાઈવે તંત્ર સમગ્ર મામલે ટોલ કોન્ટ્રાક્ટર ઉપર બધું ઢોળી રહી છે.

શામળાજી-મોડાસા રોડ પર પડેલા ખાડાઓ ને લીધે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા વાહનચાલકો છાસવારે પલટી જતા હોવાની સાથે અકસ્માતની ઘટનાઓ બનતા અનેક નિર્દોષ વાહનચાલકોએ જાન થી હાથ ધોવાના અને ઈજાગ્રસ્ત થવાની ઘટનાનો ભોગ ખાનગી કંપનીના પાપે બની રહ્યા છે મોડાસા-શામળાજી રોડ પર પડેલા ખાડાઓ અને ગાબડાં તાત્કાલિક પુરવામાં આવેની માંગ વાહનચાલકોમાં પ્રબળ બની છે

અરવલ્લી જિલ્લા માં પસાર થતા સ્ટેટ તથા નેશનલ હાઈવે પર ચોમાસા ની શરૂઆત થતા જ મસ મોટા ખાડા પાડવા ની શરૂઆત થઈ ગઈ છે ત્યારે માલપુર નગર માંથી પસાર થતા મોડાસા ગોધરા સ્ટેટ હાઈવે પર પહેલા વરસાદે જ મોટા મોટા ખાડા પડયા છે રોડ પરથી રોજના હજારો નાના મોટા વાહનો પસાર થાય છે અગાઉ રોડ પર પડેલ ખાડાઓમાં વાહન ખાબકતા વાહન ચાલકો સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માતની અનેક ઘટનાઓ ઘટી છે ત્યારે રોડની આજુબાજુ ઉભા રહેતા ફેરિયાઓ,કેબીન ધારકો અને રોડની બાજુમાંથી પસાર થતા રાહદારીઓ માટે ખાડાઓ ઘાતક નીવડી શકે છે

### પાલનપુરમાં કોરોના ફરજ દરમીયાન અવસાન પામેલા

# હોમગાર્ડ જવાનના પરીવારને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ.૪ લાખનો ચેક અપાયો



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

કોરોના લોકડાઉનમાં ફરજ ઉપર અવસાન પામેલા હોમગાર્ડના પરીવારને તેમજ અન્ય એક હોમગાર્ડ જવાનના પરીવારને જિલ્લા કમાન્ડન્ટના હસ્તે સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

કોરોના વાયરસની મહામારીના પગલે સરકાર દ્વારા ભારતને લોક ડાઉન કરવામાં આવ્યુ હતુ.જેમાં હોમગાર્ડ જવાનોને ફરજ ઉપર મુકવામાં આવ્યા હતા.જેમાં પોલીસ સાથે ખભે ખભો મીલાવી હોમગાર્ડ જવાનોએ ફરજ બજાવી હતી.જેમા ફરજ દરમીયાન પાલનપુર હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા શૈલેષભાઇ શ્રીમાળીનું અવસાન થયુ હતુ.જેના પગલે જિલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડ્યા દ્વારા અથાગ પ્રયત્નોથી મુખ્ય મંત્રી રાહત ફંડમાંથી રૂ.૪ લાખની સહાય પાસ કરાવવામાં આવી હતી.ત્યારબાદ જિલ્લા કમાન્ડન્ટ આર.એમ.પંડ્યાના હસ્તે મૃતક હોમગાર્ડના પરીવારને સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.તેમજ છાપી સબ યુનિટના હોમગાર્ડ જવાન મંગાભાઇ રાવળનું સામાન્ય સંજોગોમાં અવસાન થતા તેના પરીવારને રૂ.૭૭૫૦૦નો ચેક આપવામાં આવ્યો હતો.જેમાં જિલ્લા કમાન્ડર આર.એમ.પંડ્યા,સ્ટાફ ઓફીસર કાયદા અધિકારી મનોજકુમાર ઉપાધ્યાય , હેડ કલાર્ક જે.એન. પરમાર,સબ ઈન્સપેક્ટર એલ.એચ.વ્યાસ,,પાલનપુર ઓફીસર કમાન્ડીંગ પ્રશાંતભાઇ ગૌસ્વામી,છાપી ઓફીસર કમાન્ડન્ટ હર્ષદભાઇ બ્રહ્મભટ્ટ સહીતના અધિકારી હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

KMYC